આજનો સુવિચાર

બુરાઈમાં પણ ભલાઈ હોય છે !! આ બહાને પણ કોઈ તમને યાદ કરે છે !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૪ જૂનાગઢ તા.૧૯-૧૨-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 4, Junagadh : Date : 19 December, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# ખંભાતનાં કોંગ્રેસનાં ધારાસભ્ય ચિરાગ પટેલે રાજીનામુ આપ્યું : વધુ ચાર ધારાસભ્યો લાઈનમાં



## છેલ્લા એક સપ્તાહમાં બે ધારાસભ્યોનાં રાજીનામથી વિધાનસભાનું સંખ્યાબળ ૧૮૨થી ઘટીને ૧૮૦ થયું : કોંગ્રેસનાં ધારાસભ્યોની સંખ્યા ૧૮માંથી ૧૬ થઈ ગઈ : લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાતનાં રાજકારણમાં અનેક ઉથલ પાથલ સર્જાશે

ગાંધીનગર તા. ૧૯

વિસાવદર - ભેસાણનાં ધારાસભ્યપદેથી ભૂપત ભાયાણીએ રાજીનામુ આપ્યા બાદ હવે ખંભાતનાં કોંગ્રેસનાં ધારાસભ્ય ચીરાગ પટેલે રાજીનામુ આપી દેતા કોંગ્રેસને વધુ એક ફટકો પડયો છે. ગુજરાત વિધાનસભાને કોંગ્રેસ અને આપથી મુકત કરવાના મીશન સાથે ભાજપે ધારાસભ્યનાં રાજીનામા પાડવાનો ખેલ શરૂ કરી દીધો છે. આ લખાય રહયું છે ત્યારે અહેવાલ મુજબ હજુ ચાર ધારાસભ્યો રાજીનામુ આપવાની લાઈનમાં હોવાનું જાણવા મળે છે. જેમાં કોંગ્રેસ અને આપના ધારાસભ્ય હોવાનું જાણવા મળે છે.

ખંભાતનાં ધારાસભ્ય ચીરાગ પટેલ રાજીનામુ આપી રહયા હોવાની અટકળો આજે સવારથી જ ચાલુ થઈ ગઈ હતી ત્યારે આજે ૧૧.૩૦ કલાકે ચીરાગ પટેલે આ ચર્ચાઓને સાચી ઠરાવતા વિધાનસભાનાં અધ્યક્ષ શંકર ચૌધરીને મળીને ધારાસભ્યપદેથી પોતાનું રાજીનામુ ધરી દીધુ હતું. ચીરાગ પટેલ આગામી જાન્યુઆરી માસમાં ભાજપમાં જોડાશે તેવું જણાવાઈ રહયું છે. ભાજપનાં સુત્રોનાં જણાવ્યા મુજબ જાન્યુઆરી માસમાં કમલમ ખાતે વેલકમ પાર્ટી યોજાશે અને ધારાસભ્યોનો વીધિવત ભાજપમાં પ્રવેશ આપવામાં આવશે. રાજીનામુ આપ્યા બાદ મીડીયા સાથે વાતચીત કરતા ચીરાગ પટેલે કહયું હતું કે, કોંગ્રેસ જનાધાર વગરની પાર્ટી છે.ગુજરાત કોંગ્રેસ દિલ્હીથી ઓપરેટ થાય છે. કોંગ્રેસનાં હજુ પણ કેટલાક ધારાસભ્યો નારાજ છે તેમ કહેતા ચીરાગ પટેલે એવો સંકેત આપ્યો હતો કે કોંગ્રેસનાં હજુ પણ કેટલાક ધારાસભ્યોંની વીકેટ પડી શકે છે.

આમ ૧૮૨ ધારાસભ્ય ધરાવતી ગુજરાત વિધાનસભામાં હવે ૧૮૦ ધારાસભ્યો રહયા છે અને કોંગ્રેસનાં ધારાસભ્યોની સંખ્યા ૧૮ થી ઘટીને ૧૬ થઈ ગઈ છે અને આગામી લોકસભાની ચૂંટણી પહેલા હજુ પણ કેટલાક ધારાસભ્યો રાજીનામુ આપશે તેવા સંકેતો મળી રહયા છે.

# લોકસભામાંથી આજે વધુ ૪૯ સાંસદો સસ્પેન્ડ

નવી દિલ્હી તા. ૧૯

લોકસભામાંથી વિપક્ષનાં સાંસદોનાં સસ્પેન્શનનો સીલસીલો આજે પણ યથાવત જારી રહયો છે. આજે વધુ ૪૯ સાંસદોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. લોકસભાની કાર્યવાહી બપોરનાં ૨ કલાક સુધી સ્થગીત કરવામાં આવી છે. આમ સંસદમાં સુરક્ષા ચુકનાં મામલે લોકસભા અને રાજયસભામાં ભારે ધમાસાણ ચાલી રહયું છે. સરકાર સામે હવે વિપક્ષ શું પગલા ભરે છે તેના પર તમામની મીટ મંડાયેલી છે.

## સંસદનાં બંને ગૃહોમાં ભારે ધમાસાણ : શિયાળાની ઠંડીમાં રાજકીય ગરમી વધી : ૧૯૮૯ની જેમ વિપક્ષનાં સાંસદો લોકસભામાંથી સામૂહિક રાજીનામા આપી શકે :

શું સંસદમાં સરકાર અને વિપક્ષ વચ્ચે ચાલી રહેલી મડાગાંઠ અને બંને ગૃહમાંથી કુલ ૯૨ સાંસદોને સસ્પેન્ડ કરવાને કારણે ઊભી થયેલી સ્થિતિ ૧૯૮૯ના ઈતિહાસનું પુનરાવર્તન કરવા તરફ આગળ વધી રહી છે શું વર્તમાન વિપક્ષ હવે મોદી સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે, જેમ કે બોફોર્સ પર ૪૦૦ થી વધુ સાંસદોની મજબૂત બહુમતી સાથે રાજીવ ગાંધીની સરકારને ઘેરવા માટે તત્કાલિન વિપક્ષના સાંસદોએ, જેમાં ભાજપનો પણ સમાવેશ થાય છે, લોકસભામાંથી સામૂહિક રાજીનામું આપ્યું હતું. કોઈ પણ વ્યકિત આવું પગલું ભરી શકે છે. ઈન્ડીયા એલાયન્સના કેટલાક નેતાઓના મનમાં આ વિચાર ચાલી રહ્યો છે.

# મોરબી બ્રિજ દુર્ઘટના કેસમાં હાઈકોર્ટે જયસુખ પટેલની જામીન અરજી ફગાવી

અમદાવાદ તા.૧૯

ગુજરાત હાઈકોર્ટમાં મોરબી બ્રિજ અકસ્માત કેસના મુખ્ય આરોપી જયસુખ પટેલની જામીન અરજી ફગાવી દીધી છે. આથી જયસુખ પટેલને જેલમાં જ રહેવું પડશે. ગત સુનાવણીમાં જજ દિવ્યેશ જોશીએ જામીન અરજી પર કોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો, પરંતુ આ સુનાવણી દરમિયાન રાજ્ય સરકાર વતી ઉપસ્થિત થયેલા એડિશનલ એડવોકેટ જનરલ મિતેષ અમીને આરોપીના જામીનનો વિરોધ કરવાની જગ્યાએ કોર્ટને વિવેકશક્તિ વાપરીને નિર્ણય કરવાનું કહ્યું હતું અને આરોપીની તરફેણ કરી હતી.

ગયા વર્ષે ઘટેલ મોરબી બ્રિજ દુર્ઘટના કેસમાં મુખ્ય આરોપી જયસુખ પટેલની જામીન અરજી પર ગુજરાત હાઈકોર્ટમાં જજ દિવ્યેશ જોશીની કોર્ટ સમક્ષ સુનાવણી હાથ ધરાઈ હતી. અરજદાર વતી એડવોકેટ નિરુપમ નાણાવટીએ દલીલો કરી હતી.

# દાઉદ સંપૂર્ણ ફીટ અને સ્વસ્થ હોવાનો છોટા શકિલે દાવો કર્યો

નવી દિલ્હી, તા.૧૯

દાઉદનાં સૌથી નજીકના છોટા શકીલે ટાઈમ્સ ઓફ ઈન્ડીયા સમક્ષ દાવો કર્યો છે કે અંડરવર્લ્ડ ડોન સંપૂર્ણપણે સ્વસ્થ છે.

પાકિસ્તાનમાં ઝેરના કારણે પાકિસ્તાની ગુપ્તચર એજન્સીના જમાઈ દાઉદના મોતના સમાચાર સોમવારે આખો દિવસ સોશિયલ મીડિયા પર ફરતા રહ્યા. આ અંગે પાકિસ્તાનમાં ઈન્ટરનેટ બંધ થવાની અને મોટી હલચલની ચર્ચા થઈ હતી. જો કે હવે દાઉદના ખાસ સાથી છોટા શકીલે આ સમાચારને ખોટા ગણાવ્યા છે.

છોટા શકીલે કહ્યું કે ડોનના ખોટા મોતના સમાચાર ખોટા કારણોસર સમય સમય પર ફેલાવવામાં આવે છે. છોટા શકીલને દાઉદનો જમણો હાથ માનવામાં આવે છે. તે દાઉદના બિઝનેસની વૈશ્વિક કામગીરીનું નેતૃત્વ કરે છે. ડોનના મૃત્યુના સમાચાર પર શકીલે કહ્યું કે તે તેમના ભાઈને મળ્યો છે અને તે એકદમ ફિટ છે.

# આજે દિલ્હીની અશોકા હોટલમાં ઈન્ડીયા ગઠબંધનની બેઠક : વિવિધ મુદે ચર્ચા થશે



નવી દિલ્હી તા.૧૯

લોકસભા ચૂંટણીની રણનીતિને લઈને વિપક્ષી ગઠબંધન 'ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઈન્કલુઝિવ એલાયન્સ' (ઈન્ડિયા)ની બેઠક મંગળવારે દિલ્હીની અશોકા હોટલમાં યોજાવા જઈ રહી છે. અલાયન્સ ઈન્ડિયામાં સામેલ પક્ષોના મુખ્ય નેતાઓની બેઠક એવા સમયે થશે જ્યારે મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, તેલંગાણા અને મિઝોરમની તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે. જેમાં હિન્દીભાષી રાજ્યો રાજસ્થાન અને છત્તીસગઢમાં કોંગ્રેસને સત્તામાંથી બહાર થવું પડ્યું હતું જ્યારે મધ્ય પ્રદેશમાં ભાજપે સત્તા જાળવી રાખી હતી. જ્યારે તેલંગાણામાં કોંગ્રેસનો વિજય થયો હતો. આગામી વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ ચૂંટણીઓને સેમિફાઈનલ તરીકે જોવામાં આવી રહી છે. આવા સમયે આ બેઠક ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

# ચીનમાં ૬.૨ની તિવ્રતાનો ભુકંપ - ૧૧૬નાં મોત

શાંઘાઈ તા.૧૯ :

ભારતના પાડોશી દેશ ચીનના ઉતર પશ્ચિમી પ્રાંત ગાંસુમાં ૬.૨ ની તીવ્રતાનો ભયાનક ભૂકંપ આવતા ભારે તબાહી સર્જાઈ હતી. ૧૧૬ લોકોના મોત નીપજયા હતા. જયારે ૨૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા મૃત્યુંઆંક વધવાની આશંકા છે. સંખ્યાબંધ ઈમારતો ધરાશાયી થઈ હતી. ચીનના ઉતર પશ્ચિમી ક્ષેત્ર ત્રાંસુ તથા કિંઘઈમાં મધરાત્રી આસપાસ ધરતી ધણધણી ઉઠી હતી. ૬.૨ ની તીવ્રતાના ભૂકંપથી ઈમારતો ડોલવા લાગી હતી. ભૂકંપનું કેન્દ્ર બિન્દુ જમીનથી ૧૦ કિલોમીટર ઉંડે ભૂર્ગભમાં હતું. ભયાનક ભૂકંપમાં સંખ્યાબંધ મકાનો-ઈમારતો જમીન દોસ્ત થયા છે.

# દુબઈમાં આઈપીએલ-૧૭ સીઝન માટે આજે ખેલાડીઓની હરરાજી

દુબઈ તા. ૧૯ : ઈન્ડિયન પ્રીમિયર લીગ ની ૧૭મી સિઝન માટેની મિની હરાજી આજે ૧૯ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ થશે. દુબઈના કોકા-કોલા એરેના ખાતે બપોરે ૧:૦૦ વાગ્યાથી બિડિંગ થશે. ૧૦ IPL ફ્રેન્ચાઈઝી સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ૩૩૩ ખેલાડીઓ પર બોલી લગાવશે. જો ૩૩૩માં ખેલાડીના નામની જાહેરાત થાય તે પહેલાં ૭૭ ખેલાડીઓ વેચાઈ જાય તો હરાજી તરત જ પૂર્ણ થઈ જશે. ટીવી પર 'સ્ટાર સ્પોર્ટ્સ ચેનલ' અને મોબાઈલ પર 'જિયો સિનેમા' ઓનલાઈન હરાજી જોઈ શકાય છે. ૧૦ ટીમમાં કુલ ૭૭ ખેલાડીઓની જગ્યા ખાલી છે, જેના માટે તેઓ ૨૬૨.૫ કરોડ રૂપિયા ખર્ચ કરી શકે છે. ગુજરાતમાં સૌથી વધુ રૂ. ૩૮.૧૫ કરોડનું પર્સ છે, જ્યારે કોલકાતામાં ૧૨ ખેલાડીઓ સાથે સૌથી વધુ ખાલી જગ્યા છે.

# કોડીનારનાં છાછર ગામની સીમમાં બે દિપડાઓનાં ભેદી મોત : વનતંત્રમાં દોડધામ

કોડીનાર તા. ૧૯

કોડીનાર તાલુકાનાં છાછર ગામની સીમમાં આવેલ વાડી વિસ્તારમાં બે દીપડા મૃત હાલતમાં મળી આવતા કોડીનાર વન વિભાગનાં અધિકારી કર્મચારીઓનો મોટો કાફલો ઘટના સ્થળે દોડી જઈ બંને દિપડાનાં મૃતદેહને કબ્જે કરી એનીમલ કેર સેન્ટર ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડીને મૃત્યુનું કારણ શોધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

કોડીનાર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં શેરડીનું ઉત્પાદન વધારે હોવાનાં કારણે દિપડાની સંખ્યા વધારે હોવાથી આ પંથકમાં દિપડાઓ દ્વારા માણસો ઉપર હુમલાની ઘટના અવાર નવાર બનતી હોય છે. કોડીનાર વન વિભાગનાં અધિકારીને થતાં આર એફ ઓ સહિતની ટીમનો મોટો કાફલો ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરવામાં આવી હતી

# દેશનાં માર્ગો રાહદારીઓ, સાયકલ સવારો માટે યમદૂત સમાન : રોજ ૯૪૪ લોકોનાં મોત

જયપુર, તા.૧૯: માત્ર ભારતમાં જ નહીં, સમગ્ર વિશ્વમાં રસ્તાઓ રાહદારીઓ અને સાઈકલ સવારો માટે સલામત નથી. ૨૦૧૦ અને ૨૦૨૧ વચ્ચે વૈશ્વિક સ્તરે દરરોજ સરેરાશ ૭૫૦ થી વધુ રાહદારીઓ અને ૧૯૪ સાયકલ સવારો માર્ગ અકસ્માતનો ભોગ બને છે. અહેવાલમાં જણાવાયું છે કે માર્ગ અકસ્માતમાં કુલ મૃત્યુમાં પાંચ ટકાનો ઘટાડો થયો હોવા છતાં, વૈશ્વિક સ્તરે રાહદારીઓ અને સાઈકલ સવારોના મૃત્યુની સંખ્યા વધી રહી છે. રિપોર્ટ અનુસાર, દર વર્ષે ૨૭૪,૦૦૦ રાહદારીઓ માર્ગ અકસ્માતનો ભોગ બને છે અને તેમાં ૩ ટકાનો વધારો જોવા મળ્યો હતો. જ્યારે દર વર્ષે ૭૧ હજાર સાઈકલ સવારો માર્ગ અકસ્માતમાં મળત્યુ પામે છે. જેમાં ૨૦ ટકાનો ચિંતાજનક વધારો જોવા મળ્યો હતો. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા બહાર પાડવામાં આવેલા નવા રિપોર્ટ ગ્લોબલ સ્ટેટસ રિપોર્ટ ઓન રોડ સેફ્ટી ૨૦૨૩માં આ માહિતી સામે આવી છે. રિપોર્ટ અનુસાર, વિશ્વભરમાં દર વર્ષે માર્ગ અકસ્માતમાં થતા મળત્યુ પૈકી ૨૩ ટકા પીડિત રાહદારીઓ અને ૬ ટકા સાઈકલ સવારો છે.

# દસ્તાવેજ નોંધણીના નિયમોમાં ફેરફાર કરાયો હવે બે સાક્ષીઓ લાવવાની જરૂર નહી રહે



ગાંધીનગર તા. ૧૯

દસ્તાવેજની નોંધણી માટે મહેસુલ વિભાગની સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજની પ્રક્રિયામાં બે સાક્ષીઓને હાજર રાખવામાં આવે છે તેની હવે આગામી સમયમાં જરૂર પડશે નહિં. મહેસુલ વિભાગ દ્વારા ગુજરાત રજીસ્ટ્રેશન રૂલ્સ (૨૦૨૩) નું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં આધાર નંબર આધારીત સંમતિ સાથેની ઓળખની અત્યાધુનિક પદ્ધતિ પ્રસ્થાપિત કરાઈ છે તેનો ટુંક સમયમાં રાજયભરમાં અમલ શરૂ થતાં નાગરિકોને વધુ સુવિધા ઉપલબ્ધ થશે.

હાલ દસ્તાવેજની નોંધણી અંગે દસ્તાવેજ કરી આપનારા સબ રજીસ્ટ્રાર સમક્ષ દસ્તાવેજ કરી આપ્યાની કબુલાત આપવા ઉપસ્થિત થાય છે ત્યારે તેની ઓળખની ખાતરી માટે કચેરીમાં બે સાક્ષીઓને હાજર રાખવામાં આવે છે. સબ રજીસ્ટ્રાર આ સાક્ષીઓની તપાસ કરીને દસ્તાવેજ કરી આપનારાની ઓળખ પ્રસ્થાપિત કરે છે. નવી સીસ્ટમનો પૂર્ણ સ્વરૂપ અમલ થતા સબ રજીસ્ટ્રાર કચેરીમાં સાક્ષીઓને લાવવાની જરૂર પડશે નહિં.તેથી કચેરીમાં ભીડ ઉપર નિયંત્રણ આવશે. તે ઉપરાંત ખોટી રીતે અન્યનું નામ ધારણ કરીને થતા દસ્તાવેજનું પ્રમાણ અટકશે.દસ્તાવેજને લઈને કરાતી છેતરપીંડીના બનાવોના પ્રમાણમાં પણ ઘટાડો થશે. તે સાથે મહેસુલ વિભાગમાં દસ્તાવેજ રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પણ ઝડપી બનશે. આ અંગેની ટેકનીકલ કામગીરી પૂર્ણ કરીને સમગ્ર રાજયમાં આગામી સમયમાં મહેસુલી વિભાગ દ્વારા અમલ કરવામાં આવશે.

ફ્લેટ વેચવાનો છે
2 BHK ડાઈનીંગ, ફ્લેટ
2BHK ડાઈનીંગ, ફુલ ફર્નિચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદ્દન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે,
નોબલ ટાવર નહેરૂપાર્ક,
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

S. K. CARS
આપને કાર લેવી હોય કે વેચવી હોય તો અમારો સંપર્ક કરો
કોન્ટેક્ટ નં.
મો. ૭૨૦૨૦ ૭૨૦૧૦
૮૯૫૯૫ ૦૦૦૦૫
શોપ નં.૪ ઈસ્કોન ગોલ્ડ સેન્ટ્રલ પ્લાઝા,
મધુરમ બાયપાસ રોડ, જૂનાગઢ

હેવન ઈન્ટીરીયર ફર્નિચર
www.heavenfurniture.co.in
300+ Site complete
All over Gujarat
heaven FURNITURE
હેવન ફર્નિચર
M. 97263 15003
INTERIOR
COLOR WORK
POP WORK
SOFA WORK
મૈરીઓટ પ્લાઝા, ચોથા માળે, ગાયત્રી સ્કૂલ સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.

ઔદ્યોગીક હેતુ માટેની બાંધકામ સાથેની મોકાની જગ્યા
ભાડે આપવાની છે
વંથલી - માણાવદર હાઈવે ટચ
૭૮૦૦૦ સ્કે. ફીટ જગ્યા
૧૨૦૦૦ સ્કે. ફીટ ગોડાઉન
બાંધકામ, ૧૭ ફૂટની હાઈટ સાથે
સંપર્ક : 63515 36215

હોટેલ ગ્રીનલેન્ડ
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND
ઠાકરથાળ
સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ
Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912
GIR KESARI
Premium Quality
દેશી ઘાણીનું શુદ્ધ સીંગતેલ
KHODIYAR MINI OIL MIL
જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે
હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ

### નાગરિકોના ઈઝ ઓફ લિવિંગમાં વૃદ્ધિ કરતું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું વધુ એક નવતર કદમ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં હસ્તે ગુજરાત ફાયર સેફટી કોપ ઈ-પોર્ટલ લોન્ચ થયું

ગાંધીનગર તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગે અગ્નિ નિવારણ સેવાઓને વધુ સુદ્રઢ અને ટ્રાન્સપેરન્ટ-પારદર્શી બનાવવાના હેતુસર ''ગુજરાત ફાયર સેફટી કોપ'' ઈ-પોર્ટલ લોન્ચ કર્યું છે.

મુખ્યમંત્રીએ પ્રિ-વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત શહેરી વિકાસ વિભાગ આયોજીત 'લિવેબલ સિટીઝ ઓફ ટુમોરો' કોન્ફરન્સમાં તાજેતરમાં આ પોર્ટલ લોન્ચ કર્યું હતું.

આગ સામે પ્રમાણમાં વધારે જોખમી હોય તેવી ઈમારતો, બહુમાળી મકાનો, હોસ્પિટલ્સ, હોટેલ કે શોપિંગ મોલ્સ, સ્કૂલ-કોલેજ બિલ્ડિંગ વગેરેની ફાયર સેફટી સુવિધાઓ વિશે લોકોને સુપેરે જાણકારી મળી રહે તેવો ઈઝ ઓફ લિવિંગ વૃદ્ધિનો અભિગમ આ પોર્ટલ કાર્યરત કરવા પાછળ રાખવામાં આવેલો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઈ-પોર્ટલ બનાવવા માટે જનભાગીદારી વ્યૂહ અપનાવીને ફાયર રેગુલેશનના મુસદ્દા અંગે જાહેર વાંધા-સૂચનો મંગાવી તેનો હાઈ લેવલ ટેકનિકલ કમિટી દ્વારા અભ્યાસ કરીને જરૂરી સુધારા વધારા સાથે ફાયર નિયમો બનાવીને સરકારની મંજૂરી આપી છે. એટલું જ નહીં, આગ સામે પ્રમાણ વધારે જોખમી એવી ઈમારતોની ફાયર સેફટી સર્ટિફિકેટ અને તેની રિન્યુઅલ પ્રક્રિયા પારદર્શી બનાવવા સમગ્ર રાજ્ય માટે એક સર્વગ્રાહી અને યુઝર ફ્રેન્ડલી સોફટવેર બનાવીને મોબાઈલ એપની સુવિધા પણ આપવામાં આવી છે. કોઈ પણ બિલ્ડિંગના ડિઝાઈન લેવલથી શરૂ થઈને બિલ્ડિંગનો ઉપયોગ શરૂ થાય ત્યાં સુધીમાં જુદા-જુદા સ્તરે ફાયર સેફટીની મંજૂરીઓમાં ડિઝાઈન, બાંધકામ અને ઉપયોગ એમ ત્રિસ્તરીય મંજુરીઓ સ્થાનિક ફાયર અને ઈમરજન્સી સર્વિસના અધિકારીઓ દ્વારા અપાતી હોય છે.

આ સમગ્ર પ્રક્રિયા હવે ફાયર સેફટી કોમ્પલાયન્સ પોર્ટલ વેબસાઈટ https://gujfiresafetycop.in અને મોબાઈલ એપ દ્વારા વધુ સરળ બની છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આ પોર્ટલ લોન્ચ થવાની ફલશ્રુતિએ હવે રાજ્યમાં તમામ પ્રકારની ઈમારતો માટે ફાયર સેફટી સર્ટિફિકેટની બધી જ કામગીરીની માહિતી એટ વન ક્લિક દ્વારા રિયલ ટાઈમ ટ્રેકિંગ સાથે મળી શકશે. પોતાની એપ્લિકેશન સ્ટેટસ પણ જાણી શકાશે તેમજ જરૂરી ફી નું ધોરણ રાજ્યભરમાં હવે એક સમાન થશે અને યુ.પી.આઈ અથવા કાર્ડની મદદથી ઓનલાઈન ફીઝ ભરવાની સહુલિયત પણ મળી શકશે. રાજ્ય સરકારે ફાયર સેફટી ઓફિસર્સ તરીકે તાલીમ આપી સવા બસોથી વધુ ખાનગી વ્યવસાયિકોને FSO તરીકે સક્ષમ બનાવ્યા છે. આ FSO દર છ મહિને બિલ્ડીંગ ધારકો માટે મોક ફાયર ડ્રિલ, જનજાગૃતિ તેમજ ફાયર સેફટી સાધનોની સ્થિતિની તપાસ ઓનલાઈન પોર્ટલના માધ્યમથી કરી શકશે તેમજ રિન્યૂઅલ સર્ટિફિકેટ ઈશ્યૂ કરવાની પ્રક્રિયામાં ઝડપ, ચોકસાઈ અને પારદર્શિતા આવશે.

ફાયર સેફટી કોપની આ વેબસાઈટ કે મોબાઈલ એપમાં લોગ ઈન કરીને જરૂરી ઉપલબ્ધ વિકલ્પો પ્લાન એપ્રુવલ, સર્ટિફિકેટ એપ્રુવલ, સર્ટિફિકેટ રિન્યુઅલ માંથી જરૂરિયાત પ્રમાણેનો વિકલ્પ પસંદ કરી ૯ અલગ-અલગ સ્ટેપ જેમાં એપ્લિકેશન ડીટેલ,સાઈટ ડીટેલ, બિલ્ડીંગ/પ્રોજેક્ટ ડીટેલ, બ્લોક ડીટેલ, ફાયર પ્રિવેન્શન, લાઈફ સેફટી, ફાયર પ્રોટેક્શન, વગેરેનો સમાવેશ થાય છે તેની જરૂરી માહિતી ભરવા સાથે જરૂરી ડોક્યુમેન્ટ્સ પણ સબમિટ કરવાના રહેશે.

# જૂનાગઢમાં સમસ્ત બ્રહ્મ સમાજનો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ ટ્રસ્ટી મંડળના ઉપક્રમે અને જૂનાગઢ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના યજમાન પદે જૂનાગઢ ઉનેવાળ બ્રહ્મ સમાજની વાડી ગાંધીગ્રામ ખાતે સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરાયું હતું. જેનું જોંડલ ભુવનેશ્વરી પીઠના પૂ. ઘનશ્યામજી મહારાજએ દિપપ્રાગટય કરી ઉદઘાટન કરેલ અને પ્રમુખ સ્થાને સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ ડો. અનિલભાઈ મહેતા તેમજ મુખ્ય મહેમાન તરીકે શિક્ષણવિદ ગીજુભાઈ ભરાડ, છેલભાઈ જોષી, મેનેજીગ ટ્રસ્ટી ડી.જી. મહેતા, કેળવણીકાર કે.ડી. પંડયા, શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્મા, ભરતભાઈ લખલાણી, એડવોકેટ ભરતભાઈ રાવલ, શશીકાન્ત બોરીચાંગર, અકિલાના પત્રકાર વિનુભાઈ જોષી સહિતના ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સન્માનીત કર્યા હતા. ઉપરોકત તસ્વીરમાં મહેતાને મુખ્યમંત્રીના હસ્તે બહુમાન થતા તેને સન્માનીત કરતા પુ. ઘનશ્યામ મહારાજ તેમજ અન્ય વિદ્યાર્થીના વાલીને ગોલ્ડ મેડલ ચન્દ્ર સન્માન પત્ર આપતા શિક્ષણવિદ ગીજુભાઈ ભરાડ તથા પત્રકાર વિનુભાઈ જોષી અને વિદ્યાર્થીને સન્માનીત કરતા જૂનાગઢ જીલ્લા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ પ્રફુલભાઈ ત્રિવેદી તથા છેલભાઈ જોષી તેમજ જીલ્લા મહિલા પાંખના પ્રમુખ રૂપલબેન લખલાણી, કનકબેન વ્યાસ તેમજ એડવોકેટ અને નોટરી ધર્મિષ્ઠાબેન જોષી સહિતના બહેને અન્ય સન્માન કરી રહ્યા છે. છેલ્લે ઘનશ્યામ મહારાજનું સન્માન કરતા ઉનેવાળ બ્રહ્મ સમાજના આગેવાનો નજરે પડે છે. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પ્રફુલભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ રૂપલબેન લખલાણી યુવા પ્રમુખ રવિ ઠાકર અને શહેર પ્રમુખ મેહુલ દવે, કનકબેન વ્યાસ અને સખી ટીમે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રો. મનિષ જાની અને કિરણ પુરોહિતએ કર્યું હતું.

# જૂનાગઢ એચડીએફસી બેંકના કર્મચારી રાજ મણીયારની વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગે ધરપકડ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ એચડીએફસી બેંકના કર્મચારી રાજ મણીયાર વિરૂધ્ધ બેંકના કસ્ટમરો સાથે નાણાંની ઉચાપત કરવા અંગેની વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. આ બનાવમાં પોલીસ દ્વારા આ અંગે આગળની કાર્યવાહી કરી અને આરોપીની ધરપકડ કરી હોવાનું જાણવા મળે છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢમાં પ્રમુખનગર, રોયલ બંગલાની પાછળ રહેતા નિલેશભાઈ નાથાભાઈ કરમુર આહીર(ઉ.વ.૩૭)એ રાજ યોગેશભાઈ મણીયાર રહે.બ્લોક નં-૬૦૧, નોબલ ટાવર સીટી, હોસ્પિટલ સામે, નહેરૂ પાર્ક સોસાયટી, જૂનાગઢ વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપીએ તા.૧-૨-૨૦૨૧ થી તા.૨૧-૯-૨૦૨૩ સુધી એચ.ડી.એફ.સી.બેંકમાં કેશ ટેલર તથા ટેલર ઓથોરાઈઝર તરીકે નોકરી કરતા હોય અને તેમણે પોતાની નોકરી દરમ્યાન એચ.ડી.એફ.સી. બેંકમાંથી કોઈપણ રીતે અલગ અલગ સમયએ મળી કુલ રૂપીયા ૩૬,૬૧,૨૦૦/- લઈ જઈ તથા બેંકના કસ્ટમર સાહેદ હરેશભાઈ લેખરાજભાઈ ખીમાણીના પોતાના તથા પોતાના પરીવારના સભ્યોના બેંક એકાઉન્ટઓમાંથી રૂા.૪૩,૫૯,૦૦૦/-ની રકમ ઉપાડી લઈ જઈ તથા બેંક કસ્ટમર સાહેદ અનિલભાઈ ઢીંગાણી રહે.જૂનાગઢ વાળાના બેંક એકાઉન્ટમાંથી રૂા.૨,૮૦,૦૦૦/-ની રકમ ઉપાડી લઈ જઈ બેંક તથા બેંકના કસ્ટમરો સાથે છેતરપીંડી કરી અને એક બેંક કર્મચારી તરીકે કુલ રૂપીયા ૮૩,૦૦,૨૦૦/-ની ઉચાપત કરી બેંકમાંથી કરેલ ઉચાપતની રકમમાંથી રૂા.૭,૧૧,૨૦૦/- પરત બેંકમાં જમા કરાવી બેંક તથા બેંકના કસ્ટમરો સાથે આરોપીએ એક બેંક કર્મચારીની હેસીયતથી છેતરપીંડી વિશ્વાસઘાત કરી નાણાની ઉચાપત કરી ગુન્હો કર્યા અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૪૦૯ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવ મોતીબાગ, રાજલક્ષ્મી રોડ પાસે આવેલ એચડીએફસી બેંક ખાતે બનવા પામેલ છે. તા.૧-૨-૨૦૨૧ કલાક ૧૦:૩૦થી તા.૨૧-૯-૨૦૨૩ કલાક ૧૮ દરમ્યાન બનેલા આ બનાવ અંગે જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસે કાર્યવાહી કરી અને આરોપીની ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

### શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ દ્વારા તેમજ

# જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્યમંદિર જવાહર રોડના સહયોગથી વિનામૂલ્યે શ્રી સદ્ગુરૂ નેત્રયજ્ઞ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

રાજકોટના પ.પૂ. શ્રી રણછોડદાસબાપુ આશ્રમ દ્વારા જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડના સહ્યોગ, સહકાર થકી દર માસની તા.૨૨ ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. કેમ્પનો સમય સવારે ૯-૦૦ થી ૧૧-૩૦ વાગ્યા સુધી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડ ઉતારા વિભાગમાં હોય છે. તો આ કેમ્પનો મોતિયાના દર્દી ભગવાનએ લાભ લેવા વિનંતી. કેમ્પમાં ડો. સાહેબને બતાવ્યા પછી જો આંખમાં મોતિયો હોય તો કેમ્પના સ્થળ થી પ.પૂ. સદ્ગુરૂ રણછોડદાસજી, રાજકોટ હોસ્પિટલમાં લઈ જવાની વિનામૂલ્યે સેવા આપવામાં આવે છે. ઓપરેશન ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફ્ટ ફોલ્ડેબલ લેન્સ(નેત્રમણી) સાથે વિનામૂલ્યે કરી આપવામાં આવશે અને ઓપરેશન થઈ ગયા બાદ બીજા દિવસે દર્દી ભગવાનને જૂનાગઢ કેમ્પના સ્થળે વિનામૂલ્યે પરત મૂકી જવામાં આવશે. તો આ કેમ્પનો જરૂરીયાત વાળા દર્દીભગવાને લાભ લેવા વિનંતી. આ કેમ્પને સફળ બનાવવા માટે બાબુભાઈ ચૌહાણ તથા મનુભાઈ સોની, માધવ સોની, દિલીપ ચૌહાણ, નટુભાઈ ટાંક, વિરમભાઈ મંત્રી, લવજીભાઈ ટાંક, લક્ષ્મીદાસભાઈ ટાંક, રમેશભાઈ મીસ્ત્રી, દિલીપભાઈ મારૂ, રાજુભાઈ ઉનડકટ અને બાલાભાઈ તન્નારાણા સર્વે જહેમત ઉઠાવી રહેલ છે. તો આ કેમ્પનો લાભ લેવા એક યાદીમાં જણાવેલ છે.

### મુંબઈ સ્થિત કુલીનભાઈ લુથિયા માનવ જયોત ચેરીટેબલ ટ્રસ્ટનાં સહકારથી

# સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા ૭૮માં (ATM) આદર્શ લગ્ન યોજાયા





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢના આંગણે તા.૧૦-૧૨-૨૩ રોજ જૂનાગઢની જાણીતી સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ખામધ્રોળ-જૂનાગઢ રહેવાસી ચુંવાડિયા કોળી સમાજની આર્થિક પરિસ્થિતિ નબળી હોય તેવા કુટુંબની દીકરી કુ. પૂજા પરેશભાઈ ખદલપરા જેની અમોને સંસ્થાને રજૂઆત કરતા કુ. પૂજાના લગ્ન અંબિકા ચોક ખાતે સત્યમ સેવા યુવક મંડળના કુ. સુશીલાબેન છોટાલાલ શાહ હોલમાં ખૂબ જ ધામધૂમથી રંગેચંગે ૭૮માં(ATM-એની ટાઈમ મેરેજ) આદર્શ લગ્ન કરાવી આપેલ છે.

જેમાં કુલ ૫૫ જેટલી કરિયાવરની વસ્તુઓ આપવામાં આવેલ હતી. જેમાં માનવ જયોત-મુંબઈના કુલીનભાઈ લુથિયાનો ખુબ જ સારો સહકાર મળ્યો છે. તેઓ દ્વારા સંસ્થાને સતત દાન-અને કપડા, સાડી, લેડીઝ ડ્રેસ, ઘરચોળા શેરવાની છે વિગેરે મોકલતા રહે છે. સંસ્થા દ્વારા આ દિકરી કુ. પૂજાને પણ સોનાનો દાણો, મંગલસૂત્ર, ખુરશી, ૧૦ જોડી કપડા, સ્ટીલના વાસણો વિગેરે આપીને સાસરે વળાવેલ હતી. આ લગ્ન પ્રસંગમાં મહાનુભાવોએ દીકરીને આશીર્વાદ આપ્યા હતા. આ લગ્નને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, શાંતાબેન બેસ, અરવિંદભાઈ મારડિયા, પરેશભાઈ બાટવીયા, પ્રવીણભાઈ જોશી, સરોજબેન જોશી, પુષ્પાબેન પરમાર, કે.કે. ગોસાઈ, મૂળુભાઈ જોગલ, રેવતુભા જાડેજા, રણછોડભાઈ ગોડફાડ, કે.એસ. પરમાર, મનોજભાઈ સાવલિયા, ચંપકભાઈ જેઠવા, કેતનભાઈ નાંઢા વિગેરે ઉપસ્થિત રહીને ખુબ જ જહેમત ઉઠાવી ધામધૂમથી આ પ્રસંગને સંપન્ન કર્યો હતો.

# જૂનાગઢમાં હજુ બે દિવસ સુધી ૩૫ થી ૪૦ની ઝડપે સુસવાટા મારતા પવન ફુંકાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ શહેરમાં રવિવારની રાત્રી જ સુસવાટા મારતા પવનોનું જોર યથાવત રહ્યું છે. ગઈકાલે રાત્રીના સુસવાટા મારતા પવનને લઈને ઠંડકભર્યું વાતાવરણ રહેવા પામ્યું છે. આજે સવારે પણ પવન ફુંકાયા હતા અને ઠંડીની તીવ્રતા વધી હતી. દરમ્યાન કૃષિ હવામાન વિભાગના ધીમંતભાઈ વઘાસીયાએ જણાવ્યું હતું કે, હાલ જે પવનની ગતીમાં વધારો જોવા મળતા હાલ પ્રતિ કલાક ૩૫થી ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. જેનું મુખ્ય કારણ મધ્ય પુર્વીય અરબી સમુદ્રમાં લો પ્રેસર એરીયા સર્જાતા હાલ ભારે ગતી સાથે સુકા પવન ફુંકાયા છે અને હજુ પણ બે દિવસ પ્રતિ કલાક ૩૫થી ૪૦ કિમીની ઝડપે પવન ફુંકાશે. દરમ્યાન આજે જૂનાગઢ શહેરનું મહતમ તાપમાન ૨૨.૮ ડિગ્રી, લુઘતમ તાપમાન ૨૦.૩ ડિગ્રી રહ્યું છે. તેમજ ભેજનું પ્રમાણ ૪૦ ટકા છે અને પવનની ગતી ૬.૭ રહી છે.

# જૂનાગઢમાં વરલી મટકાના જુગાર અંગે બે ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ શહેરમાં વરલી મટકાના જુગાર અંગે પોલીસે બે દરોડા પાડી અને ધોરણસરની કાર્યવાહી કરી છે. આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢના કાળવા ચોક, સ્વાતી હોટલ પાસે જાહેરમાં રોડ ઉપર વરલી મટકાના જુગાર અંગે પોલીસે દરોડો પાડયો હતો જેમાં બી ડીવીઝન પોલીસે કાર્યવાહી કરી અને નાગજી ખીમાભાઈ ચાવડા(ઉ.વ.૩૬) રહે.ઈન્દીરાનગર વાળાને જાહેરમાં વરલી મટકાના આંક ફરકના આંકડા લખી વરલી મટકાનો જુગાર અંગે ઝડપી લેવામાં આવેલ છે અને તેની પાસેથી મોબાઈલ ફોન-૧ તથા રોકડ મળી કુલ રૂા.૭૯૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે. જયારે અન્ય એક દરોડામાં આ જ રોડ ઉપર પોલીસે કાર્યવાહી કરી અને દિપક મોહનભાઈ સોલંકી(ઉ.વ.૪૦) રહે. બોર્ડીંગવાસ, સદગુરૂ મારબલની બાજુમાં વાળાને પણ વરલી મટકાના આંક ફરક કરી પૈસાની હારજીત કરી વરલી મટકાનો જુગાર રમી રમાડી મોબાઈલ ફોન, રોકડ વિગેરે મળી કુલ રૂા.૩૨૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે.

# કેશોદ પંથકના મુસાફરો ડાયવર્ઝનનાં નામે એસટી બસમાં મુસાફરી કરે તો લુંટાઈ રહ્યાં છે

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૯

કેશોદના ચારચોક વિસ્તારમાં ચાલતાં અંડરબ્રીજનાં કામને કારણે જીલ્લા કલેકટર કચેરીએ પ્રસિદ્ધ કરેલાં જાહેરનામાં મુજબ ભારે વાહનો શહેરમાં પ્રવેશવા માટે ચાદીગઢ પાટીએથી શરદચોક અને સોદરડા બાયપાસથી બસ સ્ટેન્ડ સુધી છુટછાટ આપવામાં આવી છે જેથી કેશોદ એસટી બસમાં મુસાફરી મોંધી બની છે. કેશોદ એસટી ડેપોથી ઉપડતી બસમાં અગતરાય ગામ સુધીનાં મુસાફરો પાસેથી ડાયવર્ઝનનાં કારણે ૨૪/- રૂપિયા વસુલવામાં આવે છે ત્યારે અમુક બસમાં ૧૬/- રૂપિયા વસુલવામાં આવે છે મુસાફરો પાસેથી ડાયવર્ઝનનાં કારણે વધુ રકમ વસુલવામાં આવ્યાં બાદ પણ બસ સોદરડા બાયપાસ રોડ પર જવાને બદલે જુનાગઢ જિલ્લા કલેકટરનાં જાહેરનામાંનો ઉલાળીયો કરી શહેરનાં પેટા માર્ગો પરથી પસાર થાય છે અને મુસાફરો ઉઘાડી લુંટનો ભોગ બની રહ્યાં છે. એસટી ડેપોથી પાંચસોથી વધારે એસટી બસો પસાર થાય છે જેમાં લાંબા અંતરની બસો ઉપરાંત લોકલ બસોમાં મુસાફરો પાસેથી ડાયવર્ઝનનાં નામે વધારે રકમ વસુલવામાં આવતાં હજારો મુસાફરો અને વિધાર્થીઓ નોકરીયાતો ઉઘાડી લુંટનો ભોગ બની રહ્યાં છે. કેશોદના ચારચોક ખાતે અંડરબ્રીજનું કામ ચાલુ છે એ ક્યારે પુરું થશે એનું નક્કી નથી ત્યારે વિના કારણે મુસાફરો દંડાઈ રહ્યાં છે ત્યારે ખાનગી પેસેન્જર વાહનચાલકોને ઘી કેળા થઈ ગયાં છે અને મુસાફરોની મજબુરીનો લાભ ઉઠાવી રહ્યાં છે.

# વડોદરા ખાતે યોજાયેલ ૪૨મી માસ્ટર્સ એથલેસ્ટ ચેમ્પિયનશિપ-૨૦૨૩માં દ્વારકા ગામના ખેલાડીઓએ જીત્યા ૧૧ મેડલ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૯



ગત ૧૬ તેમજ ૧૭ ડિસેમ્બર દરમિયાન રમાયેલ સમગ્ર ગુજરાત રાજ્યની ૪૨ મી માસ્ટર્સ એથલેસ્ટ ચેમ્પિયનશિપ ૨૦૨૩ માં દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા ગામના ૩૦ વર્ષથી ઉપરના ખેલાડીઓએ અલગ અલગ રમતમાં ભાગ લીધો હતો જેમા હર્ષદ પુરોહિતે -૩, કવિતાબેન ઠાકરે-૨, સન્નીભાઈ પુરોહિતે-૨,ધનાભા જાડિયાએ-૨,વનરાજ બુજ્જડે-૧,મયુરસિંહ ઝાલાએ-૧ એમ કુલ ૧૧ મેડલો અલગ અલગ કેટેગરીમાં રમીને ગોલ્ડ.,સિલ્વર તેમજ બ્રોન્સ પ્રાપ્ત કરી દ્વારકાનું નામ રોશન કર્યું છે.અત્રે ઉલ્લેખનીય છે કે દ્વારકાના યોગગુરૂ શ્રી કિશોરભાઈ પાઢ ઉર્ફે ગાંધી સાહેબનો આ ખેલાડીઓને મહેનત સાથે તૈયારી કરાવી સ્ટેટ કોમ્પિટિશનમાં આટલુ ઊંચું સ્થાન પ્રાપ્ત કરાવવામાં અમૂલ્ય યોગદાન રહ્યું હતું. સર્વે ખેલાડીઓએ ગાંધી સાહેબનો ખુબ ખુબ આભાર માન્યો.

### :: અવસાન નોંધ ::

અમરાપુર ગીર : અમરાપુર ગીર સ્વ રમા બહેન પ્રવિણભાઈ સેતા ઉ.વ.૬૨ તે ચિંતન ભાઈ.કીશનભાઈ.ના માતા . દિલીપભાઈ સેતા જેતપુર વાળા ના કાકી.હિતેષભાઈ તન્ના રાજકોટ. કેયુરભાઈ કાનાબાર રાજકોટ.નિખીલભાઈ રાજપોપટ વેરાવળ વાળા ના સાસુ નુ તા ૧૯/૧૨/૨૩ ના અવસાન થયું છે તેમનું ઉઠમણું તા ૨૧/૧૨/૨૩/ ને ગુરૂવાર ૪ થી ૫ તેમના નિવાસસ્થાન અમરાપુર ખાતે રાખેલ છે.

# જૂનાગઢ પોલીસ તાલીમ મહાવિદ્યાલયની ૬૬૮ મહિલા લોકરક્ષકનો યોજાયો દિક્ષાંત પરેડ સમારોહ

## પોલીસ પ્રજાનો મિત્ર છે એ સૂત્રાત્મક રીતે નહીં પરંતુ લોકોને મહેસૂસ થાય તે રીતે ફરજ બજાવવા રેન્જ આઈ. જી. અને પોલીસ તાલીમ મહાવિદ્યાલયનાં પ્રિન્સીપાલ નિલેષ જાજડીયાની શીખ





જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢની રાષ્ટ્રવીર છેલભાઈ દવે પોલીસ તાલીમ મહાવિદ્યાલયની ૬૬૮ મહિલા લોકરક્ષકની ૨૦મી બેંચની આઠ માસની બેઝીક તાલીમ પૂર્ણ થતા બીલખા રોડ સ્થિત રાષ્ટ્રવિર છેલભાઈ દવે પોલીસ તાલીમ મહા વિદ્યાલયના ગ્રાઉન્ડમાં પ્રિન્સિપાલ અને રેન્જ આઈ.જી. નિલેષ જાજડીયાના અધ્યક્ષ સ્થાને દિક્ષાંત પરેડ સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે પરેડ નિરીક્ષણ અને માર્ચ-પાસ્ટ બાદ પોલીસ તાલીમ મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ અને રેન્જ આઈ.જી. શ્રી નિલેષ જાજડીયાએ દિક્ષાંત પ્રવચનમાં નવનિયુક્ત મહિલા લોકરક્ષકોને જણાવ્યું હતું કે હવે પુરા શિસ્ત સાથે પોલીસ દળમાં ફરજ બજાવવાની છે ત્યારે હંમેશા બંધારણને વફાદાર રહીને રાષ્ટ્રભક્તિ સાથે કર્તવ્ય બજાવીએ. પોલીસે ગમે તે ઘડીએ સમાજના રક્ષણ માટે હંમેશા તત્પર રહેવાનું છે. મહિલા, બાળકો, વૃધ્ધો અને નિઃસહાય સહાય લોકોની પણ મદદ કરવાની છે. બંદોબસ્તથી માંડીને પ્રોટોકોલ મુજબની કામગીરીની જે તાલીમ આપવામાં આવી છે તેનો અમલ કરીને સમાજસેવામાં સરકારે સોંપેલી ફરજમાં સમર્પિત થવાની શીખ આપી હતી. સાથે ફરજથી ઉપર ઉઠીને પરિવાર સાથે સમય આપવો, વાંચન,રમત અને સેવાકીય બાબતોમાં રસરૂચિ પણ કેળવવા ઉપર ભાર મુક્યો હતો. હવે તમારે જે તે જિલ્લામાં ફરજ બજાવવાની છે. તમારી કારકિર્દીનો પ્રારંભ થઈ રહયો છે. જીવનમાં તમારી પ્રગતિ થાય અને મહિલા સશકિતકરણ સાથે તમારે સમાજની અને સરકારની અપેક્ષા પ્રમાણે કાર્ય કરીને તમારા પર સરકારે મુકેલા ભરોસાને સાર્થક કરવાનો છે. લોભ અને લાલચથી દૂર રહીને તટસ્થતાથી ફરજ બજાવવા તેમજ પોલીસ પ્રજાનો મિત્ર છે તે સુત્રાત્મક રીતે નહિં પરંતુ લોકોને અહેસાસ થાય તે રીતે કામ કરવા માર્ગદર્શન આપ્યું હતુ. જયહિંદનાં નારા સાથે જોમ અને જુસ્સો અને દેશ ભકિતની પણ પ્રેરક વાત કરી હતી. આ તાલીમ દરમ્યાન ઈનડોર અને આઉટડોર શ્રેષ્ઠ કામગીરી અને વિશેષ કૌશલ્યથી કામ કરનાર મહિલા લોક રક્ષકોને સર્વ પાયલબેન કનૈયાલાલ ધાંધલ, સવિતાબેન સુરાભાઈ ગોહેલ, પુરીબેન હિમ્મતભાઈ ગોહેલ, સમીરાબેન હનિફભાઈ, શિલ્ડ આપીને આપીને બહુમાન કરવામાં આવ્યું હતું. સમગ્ર તાલીમગાળામાં સર્વશ્રેષ્ઠ તાલીમાર્થી તરીકે શ્રધ્ધાબેન ભાવસિંહભાઈ ગોહેલનું બહુમાન કરવામાં આવ્યુ હતુ. પરેડ કમાંડર કોમલબેન સાગરભાઈ રબારી પરેડનું શ્રેષ્ઠ સંચાલન કરવા બદલ સન્માનિત કરાયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં રાષ્ટ્રગીત, હથિયારધારી અને બિન હથિયાર ધારી મહિલા લોક રક્ષકોની પરેડનું નિરીક્ષણ, શપથ ગ્રહણ, રાષ્ટ્ર ધ્વજ અને યુનીટ ધ્વજ સાથે માર્ચ પાસ્ટ અને પ્રોટોકલ સ્વાગત બેન્ડ સુરાવલી સાથે કરવામાં આવ્યું હતું. પરેડ કમાન્ડર કોમલબેન સાગરભાઈ રબારી ૬૬૮બહેનોનું પરેડનું નેતૃત્વ કર્યુ હતુ. પોલીસ તાલીમ મહાવિદ્યાલનાં નાયબ પોલસ અધિક્ષક ગોહિલે તાલીમગાળાની વિગતો આપી જણાવ્યું હતું કે આઠ માસની તાલીમ દરમ્યાન તાલીમાર્થિઓને પ્રતિદિન આઠ પીરીયડ તાલીમ આપાતી જેમાં ઈન્ડોર અને આઉટડોર તાલીમ દરમ્યાન કાયદાકીય જ્ઞાન સાથે સઘળા સરકાર કક્ષાએ ઉપલબ્ધ વેપનની જાણકારી અનેતાલીમ આપવામાં આવી હતી.પોલીસ તાલીમ મહાવિદ્યાલયનાં ઉપાચાર્યશ્રી એમ.જે.જલુએ જણાવ્યુ હતુ કે હવે તાલીમાર્થી બહેનો તાલીમ પુર્ણ થતાં રાજકોટ શહેર, સુરત શહેર, વડોદરા શહેર, રાજકોટ ગ્રામ્ય, દેવુભમિ દ્વારકા, ગિર સોમનાથ, વગેરે જિલ્લાઓમાં ફરજ નીયુક્ત થશે. આ કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લા પંચાયતનાં પ્રમુખ હરેશભાઈ ઠુમર, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, ભગવાનજીભાઈ કરગઠીયા, દેવાભાઈ માલમ,પોલીસ અધિકારીઓ ઉપરાંત તાલીમાર્થીઓના વાલીઓ, જૂનાગઢનાં અગ્રણીશ્રીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાના હસ્તે રૂા.૧.૭૪ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ગલીયાવડ સબ હેડ વર્કસનું ખાતમુહૂર્ત

## જૂનાગઢના ગલીયાવાડ, ખલીલપુર, વધાવી, તલિયાધર અને વીરપુર ગામને નર્મદાનું પીવાનું પાણી મળશે





જૂનાગઢ, તા.૧૯

ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ જૂનાગઢ વંથલી સુધારણા જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ ગલિયાવડ ખાતે ૫ ગામોની પીવાના પાણીની સુવિધામાં વધારો કરવા માટે રૂ.૧.૭૪ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ગલીયાવડ સબ હેડ વર્કસનું શાસ્ત્રોત પૂજન સાથે ખાતમુહૂર્ત કર્યું હતું.

આ સબ હેડ વર્કસના નિર્માણ થયેથી ગલીયાવાડ, ખલીલપુર, વધાવી, તલિયાધર અને વીરપુર ગામને નર્મદાનું પીવાના પાણી મળી રહેશે. સાથે જ પૂરતા પ્રેશરથી પણ પાણી ગ્રામજનોને મળશે. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયાએ જણાવ્યું કે, ગલિયાવડ સબ હેડ વર્કસના નિર્માણથી ૫ ગામોની પીવાના પાણીની સુવિધામાં વધારો થશે. ગુજરાત સરકાર અને પાણી પુરવઠા બોર્ડ પણ લોકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે ચિંતા કરે છે. ઉપરાંત તેમણે સુજલામ સુફલામ અભિયાન હેઠળ ભૂગર્ભ જળસ્તર ઉચા આવે તે તળાવ અને ચેકડેમના નિર્માણ માટે પણ ભાર મૂક્યો હતો.

ધારાસભ્યે નિર્માણ પામનાર સબ હેડ વર્કસના કામની ગુણવત્તા જળવાઈ રહે તેની કાળજી લેવા અને ઝડપથી પૂર્ણ કરવા જણાવતા કહ્યું કે, ગ્રામ્ય કક્ષાએ વાડી વિસ્તારના નોન પ્લાન રસ્તાના નિર્માણ માટે અને લોકોને તકલીફ ન પડે તે માટે રસ્તાઓના દબાણ સ્વેચ્છાએ ખુલ્લા કરવા માટે પણ અનુરોધ કર્યો હતો. ઉપરાંત તેમણે લોક પ્રતિનિધિ તરીકે સર્વેને સાથે રાખીને વિકાસ કામો હાથ ધરવામાં આવશે. તેમ ઉમેર્યું હતું. જિલ્લા પંચાયતના સદસ્ય કાંતિભાઈ ગજેરાએ જણાવ્યું કે, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાના સક્રિય પ્રયાસોના પરિણામે ૫ ગામોને નર્મદાનું પીવાનું શુદ્ધ પાણી મળી રહેશે. આ ગામોમાં નર્મદાનું પાણી પહોંચે તે માટે ૪ જેટલા સમ્પનું નિર્માણ કરવું પડ્યું છે.

આ માટે તેમણે ધારાસભ્યશ્રીનો આભાર પ્રગટ કરતા કર્યો અને આ વિસ્તારને એક સારા જનપ્રતિનિધિ મળ્યા હોવાનો પણ આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રોજેક્ટ હેઠળ ૭ લાખ લિટરનો ભૂગર્ભ સમ્પ, ૩.૫૦ લાખ લીટરની ૨૦ મીટર મીટર ઉચી ટાંકી, સ્ટાફ ક્વાર્ટર, ફ્લોરિનેશન રૂમ, પંપ ઘર અને પાંચ ગામોમાં પાણી પહોંચાડવા માટે પાઈપલાઈન નાખવાનો સમાવેશ થાય છે. આ પ્રસંગે તાલુકા પંચાયતના સદસ્ય યુસુફભાઈ રફાઈ, ગલીયાવડ ગામના સરપંચ મોહમ્મદભાઈ સીડા, નાયબ કાર્યપાલક ઈજનેર વી. એસ. રાઠોડ, લાભાન્વિત ગામોના સરપંચ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ : કાથરોટા માધ્યમિક શાળાની ત્રેવડી સિધ્ધી



જૂનાગઢ, તા.૧૯

**GCERT** ગાંધીનગર અને **DIET** જૂનાગઢ દ્વારા તારીખ ૧૩ થી ૧૫ ડિસેમ્બર દરમ્યાન આલ્ફા વિદ્યા સંકુલ ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શનમાં સમગ્ર જિલ્લામાં ફરી એકવાર જૂનાગઢ તાલુકાની નાનકડી માધ્યમિક શાળા કાથરોટાએ ડંકો વગાડ્યો છે જેમાં વિભાગ ૫ માં શાળાનો પ્રોજેક્ટ, ડિજીટલ ઓનલાઈન હાજરી અને ઓટોમેટીક સિક્યુરિટીને શ્રેષ્ઠ પ્રોજેક્ટ તરીકે પસંદ થયો છે ત્યારે આ પ્રોજેક્ટને ખુબ સુંદર રીતે રજૂ કરવામાં શાળાના બાળ વૈજ્ઞાનિક ગજેરા ભાર્ગવ જગદીશભાઈ અને સૂરવિલા રાજ ભાવેશભાઈ તેમજ તેને તૈયાર કરવામાં માર્ગદર્શક ડબલ રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા ગણિત વિજ્ઞાન શિક્ષક બલદેવપરી મહેનત ભરી કામગીરી કરી હતી. શાળાના પ્રોજેક્ટને તૈયાર કરી ઝોન કક્ષાએ લઈ જવામાં શાળાના બળકોને અને શિક્ષકને, આચાર્ય તથા કાથરોટા કેળવણી મંડળ અને શાળા પરિવારના સૌ સભ્યોએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રોજેક્ટ હવે અમરેલીના લીલીયા મુકામે આગામી દિવસો માં ભાગ લેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ **NCSC** તેમજ જીસીઆરટી ગાંધીનગર અને બ્રહ્માનંદ લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આયોજિત નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ માં રાજય લેવલે એ બે વિદ્યાર્થિની ડાવરિયા યોગી અને ડાવરિયા આયુષી ભાગ લીધો હતો. આ ઉપરાંત આ શિક્ષક દ્વારા ઈનોવેશન ફેર માં પણ ઝોન લેવલે ભાગ લેવા આગામી દિવસોમાં જામનગરના ધ્રોલ મુકામે જશે આમ જિલ્લા કક્ષાના ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન એમ જુદી જુદી ત્રણ ગણિત-વિજ્ઞાનને લગતી સ્પર્ધામાં શાળાના બે જુદા જુદા પ્રોજેક્ટ સમગ્ર જિલ્લામાં શ્રેષ્ઠ પ્રોજેક્ટ તરીકે સ્થાન પ્રાપ્ત કરનાર જિલ્લાની શાળા હોવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. આ શાળા ની ત્રેવડી સિધ્ધિ મેળવી ગૌરવ મેળવનારી જિલ્લાની એક માત્ર શાળા બની છે.

# ૧૦ રાજયોના ૮૬ સિનીયર એન સી સી કેડેટ્સએ સાહસિક ખડક ચઢાણ બેઝીક કોર્ષની તાલીમ પૂર્ણ કરી

## ગિરનારના અંબાજી તથા ગુરુગોરખનાથની આસપાસના દુર્ગમ ક્ષેત્રની સફાઈ કરી શ્રમદાન આપ્યું



જૂનાગઢ, તા.૧૯

રાજય સરકારના કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર ઉપક્રમે, પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ આયોજીત, ૮ ગુજરાત બટાલિયન એન સી સી જૂનાગઢ પ્રાયોજીત ખડક ચઢાણ બેઝિક કોર્સ તા.૯/૧૨/૨૦૨૩ થી તા. ૧૮/૧૨/૨૦૨૩ દરમ્યાન જૂનાગઢ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં વિવિધ ૧૦ રાજ્યોના ૮૫ એનસીસી કેડેટ્સ તથા ૧ વ્યક્તિગત સહીત કુલ ૮૬ તાલીમાર્થીઓ એ ભાગ લીધો હતો. ખાસ આ શિબિરમાં તાલીમાર્થીઓ દ્વારા જૂનાગઢ વન વિભાગ તથા ઉષા બ્રેકો (ઉડન ખટોલા)ના સહયોગ સાથે ગિરનારના અંબાજી તથા ગુરુગોરખનાથની આસપાસ ના દુર્ગમ ક્ષેત્ર ની સાફ સફાઈ કરવામાં આવી હતી.

સમાપન કાર્યક્રમ ના અધ્યક્ષ કર્નલ રીતેશ ચંદ્રા સિંઘ, કમાન્ડીંગ ઓફીસર, ૨ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન.સી.સી. રાજકોટ, ના હસ્તે સમાપન કાર્યક્રમ યોજાયો હતો. ઈન્સ્ટ્રક્ટર ઇન્ચાર્જ ઉપેન્દ્રસિંહ રાઠોડ એ શાબ્દિક સ્વાગત કર્યું હતું. કે.પી. રાજપુત પૂર્વ આચાર્ય સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા મા. આબુ, દ્વારા શિબિરાર્થીઓ ને પર્વતારોહણની ટૂંકમાં માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન ભારતી સિંઘ એ કર્યું હતુ. કાર્યક્રમના અધ્યક્ષ માનનીય કર્નલ રીતેશ ચંદ્રા સિંઘ, કમાન્ડીંગ ઓફીસર તાલીમાર્થીઓને શિબિરને અનુરૂપ માર્ગદર્શન આપ્યુંહતુ. તેઓએ હિમાલયના તેમના અનુભવો વિશે વાત કરી, જીવનમાં પર્વતારોહણ કઈ કઈ રીતે ઉપયોગી બને છે તેની માહિતી આપી હતી. તાશી અને નુંગ્શી મલિક બે બહેનોનું ઉદાહરણ આપતા કહ્યું કે, આ પ્રથમ બે જોડિયા બહેનો છે કે, જેમણે માઉન્ટ એવરેસ્ટ, સાત શિખર સર કર્યા હતા. એનસીસી કેડેટ્સ તથા અન્ય યુવાનો અને યુવતીઓ ને પર્વતારોહણ ના કોર્ષ કરવાની તથા બીજા બે મિત્રો ને આવા કોર્ષમાં જોડાવાનું આહવાન કર્યું હતુ.

આ ખડક ચઢાણ બેઝિક કોર્સમાં જીગ્નેશ ગોહિલ, કલ્પેશ બારૈયા,સુનીલ આહીર, યશ મણિયાર ભાવનગર, પ્રદીપકુમાર રાજસ્થાન, મીલાપ સોની વડોદરા, રામ ચન્દ્રવાડીયા જુનાગઢ, યશ નારિયા સુરત,વૈભવ ચુડાસમા જામનગર, માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપી હતી.

# વંથલી તાલુકાના કોયલી ગામે તંત્રની ઉદાસીનતાનાં પગલે પ્રશ્નોની ભરમાર

## ગંદકી, ભ્રષ્ટાચાર અને સીસીટીવી બંધ મુદ્દે તંત્ર વાહકોને ગ્રામપંચાયતના સદસ્યો દ્વારા રજૂઆત : સ્થાનિક લોકોમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશતને લઈ તંત્ર સામે ભારે રોષ

(પ્રતિનિધિ દ્વારા)

વંથલી, તા.૧૯

વંથલી તાલુકાનું કોયલી ગામ કે જયાં અંદાજીત ૩૦૦૦ની વસ્તી ધરાવતું આ ગામ છે. આ ગામની કરમની કઠણાઈ એ છે કે દર વખતે ગ્રામપંચાયતની ચૂંટણીમાં સતા તો પલટાઈ છે પરંતુ ગામ લોકોની સમસ્યાનો અંત આવતો નથી. વાત કરીએ ગંદકીના સામ્રાજયની તો અનુસૂચિત જાતિનાં વસવાટ વાળા વિસ્તાર એવા વોર્ડ નબર-૨ માં ગંદકીના ગંજ ખડકાયા છે. ગંદકીનું સામ્રાજય વોકળા કાઠે ગામના ગંદા પાણીનો નિકાલ થતો હોવાના કારણે અને તેના નિકાલની પંચાયત દ્વારા કોઈ વ્યવસ્થા ઉભી કરવામાં ન આવતા પાણીજન્ય રોગોએ માજા મુકી છે, ઘરે ઘરે માંદગીના ખાટલાઓ જોવા મળે છે. નાના ભૂલકાઓ થી લઈ વૃદ્ધ વડીલોને આ ગંદકીના સામ્રાજયમાંથી પસાર થવું પડે છે.ગ્રામજનો તંત્ર વાહકોને રજૂઆતો કરી ને થાક્યા હોય હવે તો પરિણામ નહિ આવે તો પંચાયત કચેરી સામે પણ ઉપવાસ આંદોલન કરવાની ગ્રામજનો એ ચીમકી ઉચ્ચારી છે. મીડિયા ટીમે કોયલી ગામની મુલાકાત લેતા ગામની સડકો ઉપર સીસીટીવી કેમેરા નજરે ચડ્યા હતા, સીસીટીવી કેમેરા ચાલુ છે કે બંધ તેમની તપાસ કરવા પંચાયત કચેરીએ પહોચતા અલીગઢી તાડા નજરે પડતાં જવાબદાર અધિકારી અને પદાધિકારીની ગેરહાજરીમાં પંચાયતના પટાવાળાએ કચેરી ખોલી સીસીટીવીનું ડી.વી.આર બતાવતા કુલ ૮ કેમેરાઓમાંથી ૫ કેમેરાઓ બંધ હાલતમાં જોવા મળ્યા હતા જે અંગે પૂછપરછ કરતા રૂપિયા ૨ લાખની માતબર રકમ ખર્ચ કરી ગામને સુરક્ષિત રાખવા ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરી તિશરી આખ સમાં સીસીટીવી કેમેરા ગામના મુખ્ય પ્રવેશ માર્ગો સહિતની જગ્યાઓ ઉપર લગાવવામાં આવેલા કેમેરાઓ હાલ તો શોભાના ગાંઠિયા સમાન બની ગયા છે, કારણ કે માતબર રકમ ખર્ચ કરવા છતાં ૧ વર્ષ પહેલાં નખાયેલ કેમેરા છેલ્લા ૪ માસ થી તો બંધ જોવા મળી રહ્યા છે.બંધ રાખવા પાછળ નું કારણ શું તેવા પણ ગ્રામજનો અનેક સવાલો ઉઠાવી રહ્યા છે . વધુમાં ગામના વિકાસ કાર્યો પણ લોટ પાણી અને લાકડાનો પ્રયોગ કરી ભ્રષ્ટાચાર કરવામાં આવતો હોવાનો આક્ષેપ ખુદ પંચાયતનાં સદસ્યો દ્વારા જ ઉઠાવવામાં આવ્યા છે. ભ્રષ્ટાચાર અંગેની લેખિત ફરિયાદ તંત્રને કરવામાં આવી હોવા છતાં કોઈ પગલાં લેવામાં આવતા નથી, ડો.બાબા સાહેબ આંબેડકર કોમ્યુનિટી હોલ તો બનાવવામાં આવ્યો પરંતુ ઘણા સમયથી હોલનો મુખ્ય દ્વાર જ નથી, હોલના પટાગણમાં સ્વરછ ભારત મિશન અંતર્ગત શૌચાલય મંજૂર થયું છે પરંતુ પંચાયત દ્વારા શૌચાલય બનાવવામાં આવતા નથી. શૌચાલય પહેલા નિકાસ ખાડો બનાંવવામાં આવેલ છે જે પણ એસ્ટીમેન્ટ વિરુદ્ધ હલકી ગુણવત્તા વાળું માલ મટીરીયલ્સ ઉપયોગ કરતા નિકાસના ખાડાની પાઈપ લાઈનો તૂટેલી નજરે ચડી હતી. આમ કોયલી ગ્રામ પંચાયત વિરુદ્ધ અનેક ફરિયાદો ગ્રામજનો દ્વારા અને ખુદ પંચાયત નાં સદસ્યો દ્વારા કરવામાં આવતી હોવા છતાં કોઈ પગલાંઓ લેવામાં આવતા નથી ત્યારે ભ્રષ્ટાચારી શાસકોને કોણ છાવરી રહ્યું છે તેવાં સવાલો પણ ગ્રામજનોમાં ઉઠવા પામ્યા છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# સંસદ પર હુમલાની ઘટનાનાં મુળ સુધી પહોંચવું પડશે

શિયાળુ સત્રના ૧૦મા દિવસે ભારતીય સંસદની અંદર કદાચ કંઈક બહુ મોટું થવાનું નક્કી હતું, કારણ કે ૨૨ વર્ષ પહેલાં આતંકીઓ દ્વારા આપેલ એક ઘા જે પ્રત્યે ૧૩ ડિસેમ્બરની તારીખે યાદ કરીને તાજો થઈ જાય છે. જોકે ગનીમત સમજો કે સંભવિત ઘટના 'પીળા રંગ' સુધી જ સીમિત રહી, નહીં તો કંઈક 'કાળું' પણ થઈ શકતું હતું. ૧૩ તારીખ એમ પણ સંસદીય પરંપરા માટે 'કાળી તારીખ' જ છે. કેન્દ્ર સરકાર આ અધૂરી ઘટનાને હળવાશથી ન લે, નહીં તો પીળા રંગમાં છૂપાયેલા આ સંદેશવાહક ઘટના ક્યારેક પૂર્ણ ઘટનામાં તબદીલ થઈ શકે છે. એટલું સતર્ક થઈ જવું જોઈએ કે દુશ્મન ઘાત લગાવીને બેઠો છે તેથી અત્યારથી જ આ તસવીરને ગંભીરતાથી લેવાની જરૂરિયાત છે. આરોપીઓએ વણેલા ષડયંત્રના મૂળ સુધી ઘૂસવું પડશે? તેમનો હેતુ દહેશત ફેલાવવાનો માત્ર હતો કે કોઈ બીજો? હાલમાં એવા કેટલાય સવાલ ઊભા થયા છે. પરંતુ આ ઘટનાને ઘોર લાપરવાહી અને સુરક્ષાતંત્રની નિષ્ફળતા જ કહી શકાય. ચોતરફી સુરક્ષા વ્યવસ્થામાં ક્યાં ચૂક થઈ, તેની પણ સમીક્ષા કરવાની જરૂર છે.

જોકે સંસદ તો નવી છે, જેને અત્યાધુનિક સુરક્ષા ટેકનિકથી સજ્જ ગણાવવામાં આવે છે. પરંતુ ઘટના જે અંદાજમાં બની તેનાથી સ્પષ્ટ ખબર પડે છે કે ષડયંત્રની તાસીર કંઈક અલગ હતી. આરોપી સામાન્ય છે કે અસામાન્ય પ્રવૃત્તિના એ તો તપાસ બાદ જ ખબર પડી શકશે. પરંતુ લોકો અંદેશો એવો પણ લગાવી રહ્યા છે કે ક્યાંક ૨૨ વર્ષ પહેલાં ૧૩ ડિસેમ્બરે જે ઘટના સંસદમાં બની હતી તેની આ પુનરાવૃત્તિ તો નથી ને? કે પછી તેના પાર્ટ-૨ની ચેતવણી તો નથી ને? આ લાપરવાહીની જવાબદારી કોની એ વહેલી તકે સુનિશ્ચિત કરવામાં આવે. એક થિયરી સમજાતી નથી કે આખરે શિયાળુ સત્રને ચાલ્યે કેટલાય દિવસ થઈ ચૂક્યા છે. પરંતુ હરકત સંસદ હુમલાની વરસીને દિવસે જ કેમ કરવામાં આવી? અચંબિત કરવાની વાત એક એ પણ છે કે આરોપીઓએ ભગતસિંહની સ્ટાઈલ કેમ કોપી કરી? પીળો ધુમાડો ફેલાવીને, નારા લગાવવા, તાનાશાહીથી મુક્તિ મળે? આખરે આ બધું કઈ તરફ ઈશારો કરે છે? કોણ છે આ ઘટના પાછળ, તેને સામે લાવવા જ પડશે અને આરોપીએ જે તાનાશાહીથી આઝાદીના નારા લગાવ્યા તેનો મતલબ પણ જાહેર થવો જોઈએ.

આરોપીઓ દ્વારા હુમલાની વરસીના દિવસે 'સંસદ એટેક-૨'નો સંદેશ આપવો નિશ્ચિત રૂપે ગંભીર છે. પીળા રંગમાં છૂપાયેલા કાળા સંદેશને સમજવો પડશે. દુશ્મન આંતરિક છે કે બહાર? કે પછી બંને? તેમને ખેંચીને જાહેરમાં લાવવા પડશે. અત્યારે તો એવું લાગે છે કે આરોપીઓ તો માત્ર મહોરું છે. માસ્ટર માઈન્ડ કોઈ બીજું જ છે. જ્યારથી નવી સંસદમાં સત્ર અને સંસદીય કાર્ય શરૂ થયું છે, સંસદ સદસ્યો પોતાની સુરક્ષા પ્રત્યે નિશ્ચિંત અને બેખબર છે. કારણ કે સંસદની સુરક્ષા સેફ્ટી માપદંડોની દૃષ્ટિએ અત્યાધુનિક ગણાવવામાં આવે છે. સંસદની એક એક ઈંટ અને ખૂણે ખૂણે સુરક્ષા પહેરો બિછાવેલો છે. કદાચ જો માનવીય સુરક્ષા તંત્રથી કોઈ ચૂક થઈ જાય તો આખી બિલ્ડીંગ સીસીટીવી કેમેરાથી સજ્જ છે. પરંતુ આ મૌખિક અને કાગળિયે સુરક્ષા વ્યવસ્થા પર સંસદ સદસ્યોને વિશ્વાસ નથી રહ્યો. કારણકે એ તમામને ખોટા પાડતાં આરોપી વિઝિટર બનીને આસાનીથી અંદર ઘૂસી ગયા અને પોતાના મનસૂબાને અંજામ આપ્યો.

ગનીમત સમજો કે ઘટના દરમ્યાન આરોપીઓના હાથમાં માત્ર 'સ્મોક બોમ્બ' જ હતા, જો હથિયાર વગેરે હોત તો ત્યાં શું થયું હોત? કારણ કે જ્યારે તેઓ સુરક્ષા તંત્રની આંખમાં ધૂળ નાખીને વાંધાજનક વસ્તુઓ અંદર લઈ જઈ શકે છે તો પછી હથિયાર-દારૂગોળો કેમ ન જઈ શકે? એટલે આ ઘટનાને સૌથી પહેલાં સુરક્ષા ચૂક જ કહી શકાય. જબરદસ્ત સુરક્ષા પહેરાને છેતરીને 'સ્મોક બોમ્બ' ફેંકીને સંસદની ભીતર આરોપી અફરા-તફરી મચાવી દે છે. બાકાયદા વિઝિટર બનીને સંસદની કાર્યવાહી જોવા પહોંચે છે. દર્શક લોબીમાં ચાર-પાંચ કલાક વિતાવે છે અને લંચ પહેલાં અચાનક છલાંગ લગાવીને સાંસદોની ખુરશીઓ સુધી જાય છે. પીળા રંગનો 'સ્મોક બોમ્બ' ફોડી દે છે. 'તાનાશાહીથી આઝાદી' જેવા નારા લગાવે છે. આ આખી ઘટના લગભગ ચાલીસથી પિસ્તાળીસ મિનિટ ચાલી. સુરક્ષા કર્મીઓ પહોંચતાં પહેલાં બે સાંસદ હનુમાન બેનીવાલ અને મલૂક નાગર હિંમત દેખાડીને તેમને ઝડપી લે છે અને તેમને સુરક્ષાકર્મીઓના હવાલે કરે છે. આરોપી મૈસૂરથી ભાજપી સાંસદ પ્રતાપ સિંહાની ભલામણ પર કાર્યવાહી જોવા પહોંચ્યા હતા. તેઓ ખોટું બોલી રહ્યા છે કે સાચું? એ જાણવા માટે તેમનો નાર્કો, પોલીગ્રાફ અને બ્રેન મેપિંગ ટેસ્ટ ચોક્કસ કરાવવો જોઈએ. જો કોઈ ભારે કાવતરું હોય તો પણ તેની તપાસ કરવી જરૂરી છે. સંસદમાં સવાર સુધી બધું નોર્મલ હતું. ૨૨ વર્ષ પહેલાં થયેલ હુમલાની વરસી હતી, જેના પર તમામ સાંસદોએ શહીદોને શ્રદ્‌ઘાંજલિ આપી અને ત્યારબાદ રોજની માફક સત્રની કાર્યવાહીમાં હિસ્સો લેવા જાય છે. કોઈને જરા પણ અંદેશો નહીં હોય કે નવી સંસદમાં પણ કોઈ આવી હરકત કરી શકે છે. સંસદ સદસ્ય આશ્વસ્ત હતા કે નવી સંસદ સુરક્ષા માપદંડોમાં અભેદ્ય છે. તેમ છતાં આરોપી ચાર નંબર ગેટથી વિઝિટર બનીને પ્રવેશ મેળવી લે છે. શું આરોપી 'સ્મોક બોમ્બ' દ્વારા કોઈ સંદેશ આપવા માંગતા હતા કે પછી તેમને માત્ર પબ્લિસિટી જોઈતી હતી? જોકે આવા તમામ સવાલોની લાંબી યાદી બનાવીને સ્થાનિક પોલીસ અને અન્ય તપાસ એજન્સીઓ પૂછપરછ કરી રહી છે. પરંતુ વિપક્ષી દળો કોઈ મોટી ઘટના હોવાની આશંકા વ્યક્ત કરી રહ્યા છે. તેમની આશંકાઓને ધ્યાનમાં રાખીને પણ તપાસ કરવી જોઈએ, તે ઉપરાંત એ જ સમયે બહાર પણ એક યુવક-યુવતી તાનાશાહીથી આઝાદીના નારા લગાવતા હતા, તેમની પણ કડકાઈથી તપાસ થવી જોઈએ. દેશવાસીઓમાં એ સંદેશ બિલકુલ ન જવો જોઈએ કે જો સંસદ જ સુરક્ષિત નથી તો તેઓ કઈ રીતે સુરક્ષિત કહેવાય?

# રૂા.૩૪૦૦ કરોડના ખર્ચે નિર્મિત વિશ્વના સૌથી વિશાળ કોર્પોરેટ ઓફિસ બિલ્ડીંગ 'સુરત ડાયમંડ બુર્સ'ને ખૂલ્લું મૂકતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી

## ડાયમંડ પોલિશીંગ કેપિટલ તરીકે વિશ્વમાં ખ્યાતનામ સુરત શહેરના હીરા ઉદ્યોગને મળશે નવી ચમક




(પ્રતિનિધી દ્વારા)

સુરત તા.૧૯

સુરતના ખજોદમાં રૂ.૩૪૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલા વિશ્વના સૌથી વિશાળ કોર્પોરેટ ઓફિસ બિલ્ડીંગ 'સુરત ડાયમંડ બુર્સ'ને ખૂલ્લું મૂકતા વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ બુર્સને હીરા ઉદ્યોગના વિકાસને બુસ્ટ આપતું અપ્રતિમ સાહસ ગણાવ્યું હતું. બુર્સમાં ભારતના સૌથી મોટા 'કસ્ટમ્સ ક્લિયરન્સ હાઉસ', જ્વેલરી મોલ અને ઈન્ટરનેશનલ બેંકિંગ અને સેફ વૉલ્ટની સુવિધા વિશ્વસ્તરીય વ્યાવસાયિક અનુભવ કરાવશે એમ જણાવી જેમ્સ એન્ડ જ્વેલરીની નિકાસમાં ભારતનું વૈશ્વિક યોગદાન ૩.૫૦ ટકા છે, જેને ડબલ ડિઝિટમાં લાવવા માટે કેન્દ્ર સરકારે જેમ્સ-જ્વેલરી સેક્ટરને ફોક્સ એરિયાના રૂપમાં લઈને ભારતની ડાયમંડ અને જ્વેલરી ક્ષેત્રમાં રહેલી ક્ષમતાઓને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

સુરતના મગદલ્લા પાસે, ખજોદમાં ૬૮૨ હેક્ટર (૧૬૮૫ એકર)માં નિર્માણાધિન ડ્રીમ સિટી (ડાયમંડ ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઈલ સિટી) પ્રોજેક્ટના ભાગરૂપે સાકાર થયેલા, ૪૨૦૦ થી વધુ અગ્રણી હીરા ઉદ્યોગકારો દ્વારા નિર્મિત સુરત ડાયમંડ બુર્સની વડાપ્રધાનશ્રીએ મુલાકાત પણ લીધી હતી અને બુર્સના વિવિધ ભાગો, ડાયમંડ ટ્રેડિંગ ઓફિસોનું નિરીક્ષણ કર્યું હતું. અહીં તેમણે ઉપસ્થિત હીરા વ્યાપારીઓ સાથે આત્મીય સંવાદ પણ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સહિત કેન્દ્ર અને રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, દેશવિદેશના હીરા ઉદ્યોગકારોની પ્રેરક ઉપસ્થિતિમાં આયોજિત સમારોહમાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, સુરત શહેરની ભવ્યતામાં આજે વધુ એક 'ડાયમંડ'નો ઉમેરો થયો છે, અને આ હીરા નાનોસૂનો નથી પણ દુનિયાનો સૌથી શ્રેષ્ઠ છે.

આ સંદર્ભે તેમણે બુર્સની અદ્યતન ઈમારતને દુનિયાની તમામ શ્રેષ્ઠ ઈમારતોને ઝાંખી પાડે તેવી હોવાનું જણાવતા દેશના આર્કિટેક્ચર, પર્યાવરણ અને એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓના અભ્યાસનું કેન્દ્ર અને શૈક્ષણિક સંસ્થાઓ માટે નજરાણા સમાન બની રહેશે એમ જણાવી આ વિદ્યાર્થીઓ, અભ્યાસુઓને બુર્સની અવારનવાર મુલાકાત યોજવા સૂચન કર્યું હતું.

સમૃદ્ધિના નવા સોપાન સમા ડાયમંડ બુર્સને ટૂંકા ગાળામાં સાકારિત કરી સામૂહિક શક્તિનો પરિચય કરાવનાર હીરા ઉદ્યોગપતિઓ-વ્યાપારીઓને બિરદાવતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે,વિશ્વસ્તરે 'મેડ ઈન ઈન્ડિયા' એક પ્રભાવશાળી અને સશક્ત બ્રાન્ડ બની ચૂકી છે જેનું ઉત્તમ ઉદાહરણ સુરત ડાયમંડ બુર્સ છે, કારણ કે આ બિલ્ડીંગ ભારતીય ડિઝાઈન, ભારતીય કોન્સેપ્ટ, ભારતીય ઈજનેરી અને સ્થાપત્ય કલા અને આત્મનિર્ભરતાના પ્રતીકના રૂપમાં ઉભરી છે. ડાયમંડ બુર્સ દેશના અર્થતંત્ર માટે ગેમ-ચેન્જર સાબિત થશે. પંચતત્વ, લેન્ડ સ્કેપિંગ, સ્ટેટ ઓફ ધ આર્ટ ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટ વિશ્વ માટે પ્રેરક બનશે. બુર્સ થકી સૌના સાથ, સૌના વિકાસ, સૌના પ્રયાસની ભાવના મૂર્તિમંત થઈ રહી છે એનો ઉલ્લેખ કરતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, કારીગરો, વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ અને ખરીદદારો માટે સુરત ડાયમંડ બુર્સ વન સ્ટોપ સેન્ટર બનશે. સુરતમાં એક જ સ્થળે, એક જ છત્ર નીચે રફ અને પોલિશ્ડ ડાયમંડનું સૌથી મોટું માર્કેટ મળવાથી તેમજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ શરૂ થવાથી આવનાર સમયમાં હીરા ઉદ્યોગની સાથે સુરતની ડાયમંડ અને જ્વેલરી કંપનીઓ, લેબગ્રોન ડાયમંડ કંપનીઓને નિકાસમાં તેમજ બિઝનેસમાં સીધો ફાયદો મળશે એમ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

'ઈતિહાસનો અનુભવ, વર્તમાનનું વૈવિધ્ય અને ભવિષ્યની દૂરંદેશિતા એટલે સુરત' એવી વ્યાખ્યા આપી તેમણે સુરત શહેર અને સુરતીઓ સાથેના સંસ્મરણો તાજા કર્યા હતા. વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, આફતને અવસરમાં ફેરવવાની શક્તિ સુરતવાસીઓમાં જોઈ છે. પૂર, પ્લેગ જેવા અનેકવિધ સંકટો સામે ઝીંક ઝીલીને જીવવાના સુરતી સ્પિરીટને સમગ્ર દેશે અનુભવ્યો છે. એટલે જ સુરતની માટીમાં કંઈક ખાસ છે ,જે તેને અન્ય શહેરોથી અલગ પાડે છે. ઉપરાંત, વિકાસ માટેની 'મોદીની ગેરન્ટી'ઓને સચ્ચાઈમાં પરિવર્તિત થતા સુરતીઓએ ભૂતકાળમાં અનુભવી છે.

વડાપ્રધાનશ્રીએ બુર્સ થકી વર્ષે બે લાખ કરોડનો બિઝનેસ અને દેશવિદેશના બાયર્સ, સેલર્સનું સુરતમાં આગમન થવાનું છે જેને ધ્યાને લેતા સુરતની નર્મદ યુનિવર્સિટીમાં વિદેશી ભાષા શીખી સંવાદ કરી શકે એ માટે યુવા વિદ્યાર્થીઓ માટે લેન્ગવેજ ઈન્ટરપ્રિટેશન કોર્સ શરૂ કરવાનું રચનાત્મક સૂચન કર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, આજે વૈશ્વિક માહોલ ભારત તરફી છે. વિદેશો ભારત પ્રત્યે આદર સન્માન અને આશાની નજરે જોઈ રહ્યું છે, ત્યારે આ વૈશ્વિક સાનુકૂળ માહોલમાં દેશની પ્રગતિ માટે સૌને ભાગીદાર બનવાનું આહ્વાન કર્યું હતું. તેમણે ભારતને આગામી પાંચ વર્ષમાં ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બનાવવા, ફાઈવ ટ્રીલિયન ઈકોનોમી તેમજ વિકસિત ભારત બનાવવા માટે ભારતીય હીરા ઉદ્યોગ, જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટરને પોતાની જવાબદારી સુનિશ્ચિત કરવા અનુરોધ કર્યો હતો.

વર્ષ ૨૦૧૦માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે ડાયમંડ ઉદ્યોગ માટે સ્પેશ્યલ નોટીફાઈડ ઝોન બનાવવાની જાહેરાત કરી હતી, જેના પરિણામે ડાયમંડ બુર્સ જેવી વૈશ્વિક ડાયમંડ કોમર્શિયલ કોમ્પલેક્ષ બનાવવાના બીજ રોપાયા હતા અને ડ્રીમ સિટી અંતર્ગત વર્ષ ૨૦૧૫માં બુર્સનો પાયો નંખાયો હતો એમ વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સુરત શહેર ડાયમંડ અને ટેક્ષટાઈલ હબ સાથે અનેક ઉદ્યોગો-વેપારો થકી દેશભરના લાખો લોકોને રોજગારી આપતું કોસ્મોપોલિટીન સિટી બન્યું છે. વડાપ્રધાનશ્રીના 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ના સંકલ્પને દેશના અનેક રાજ્યોમાંથી 'મિની ઈન્ડિયા' સુરતમાં રોજીરોટી માટે આવેલા લોકો ચરિતાર્થ કરી રહ્યા છે.

સુરતને ઈન્ટરનેશનલ એરપોર્ટની વધુ એક આગવી ભેટ વડાપ્રધાનશ્રીએ આપી છે જેનો આનંદ વ્યક્ત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ પગલાંને કારણે ડાયમંડ એક્સપોર્ટને ગ્લોબલ પ્લેટફોર્મ મળશે અને વિશ્વના દેશો સાથે એર કનેક્ટિવિટી વધશે. દેશમાં રોડ અને રેલ નેટવર્ક, એર કનેક્ટીવિટીનો વ્યાપ પણ બમણો થયો છે અને વિમાની સેવાઓ અને નવા એરપોર્ટ પણ વિકસ્યા છે. ૨૦૧૪માં દેશમાં ૭૪ એરપોર્ટ હતા તે ૯ વર્ષમાં વધીને ૧૪૦ થયાં છે એનો ઉલ્લેખ કર્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતના વેપાર ઉદ્યોગોને વૈશ્વિક મંચ આપવા વાઈબ્રન્ટ સમિટનો આયામ શરૂ કરેલો જેને રાજ્ય સરકારે આગળ વધારી આ કડીમાં આગામી જાન્યુઆરી૨૦૨૪માં યોજાનાર વાઈબ્રન્ટ સમિટ વિકસિત ભારતજ૨૦૪૭ માટે વિકસિત-ઉન્નત ગુજરાતના ધ્યેયને આ સમિટ પાર પાડશે એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

સુરતના ડાયમંડ ઉદ્યોગના વિકાસમાં કોઈ અડચણ ન આવે તે માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યકત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકાર ઉદ્યોગોને પ્રોત્સાહન થકી ઉદ્યોગ મૈત્રીપૂર્ણ અભિગમ અને હંમેશા હકારાત્મક વલણ ધરાવે છે. ડાયમંડ બુર્સના નિર્માણ બાદ સુરતમાં હીરાનું મોટા પાયે ખરીદવેચાણ થશે. અને દેશવિદેશમાં સુરતનું નામ ડાયમંડ ટ્રેડિંગમાં ઉચ્ચ શિખરે પહોંચશે એમ જણાવી સુરતના ડાયમંડ બુર્સ પ્રગતિના શિખરો સર કરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા, કેન્દ્રીય રેલ્વે અને ટેક્ષટાઈલ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, કેન્દ્રીય પશુપાલન અને મત્સ્ય વિભાગના મંત્રી શ્રી પરષોત્તમ રૂપાલા, સાંસદશ્રી અને પ્રદેશ અધ્યક્ષ સી. આર.પાટીલ, ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, વન-પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, મેયર દક્ષેશભાઈ માવાણી, જિલ્લા કલેક્ટરશ્રી આયુષ ઓક, પોલીસ કમિશનરશ્રી અજય તોમર, ડિરેક્ટરશ્રી લાલજીભાઈ પટેલ, ડ્રીમ સિટી પ્રોજેક્ટના સી.ઈ.ઓ. અને મ્યુ. કમિશનર શાલિની અગ્રવાલ, બુર્સના ડિરેક્ટર પદ્મશ્રી મથુરભાઈ સવાણી, ગોવિંદભાઈ ધોળકિયા, નાગજીભાઈ સાકરીયા, સુરત ડાયમંડ ઈન્સ્ટીટયુટના ચેરમેનશ્રી દિનેશભાઈ નાવડિયા, બુર્સ કમિટીના સભ્યશ્રીઓ સહિત અગ્રણી હીરા ઉદ્યોગપતિઓ,ધારાસભ્યશ્રીઓ સહિત અગ્રણી હીરા ઉદ્યોગપતિઓ, હોંગકોંગ, ઈઝરાયેલ, યુ.એ.ઈ(દુબઈ), અમેરિકા, આફ્રિકા, કેન્યાથી આવેલા હીરા વ્યાપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અહંકાર જીવનનો દુશ્મન છે.

- જયદ્‌ગુરુ બાલસ્વામીજી

### : આજનું પંચાંગ :

**વિક્રમ સં.** ૨૦૮૦, **શા. શાકે.** ૧૯૪૫, પા.અમરદાદ-૧૩૯૩, **મુ.** જમા-ઉલ્લ-આખર-૧૪૪૫, **જૈન વીર સં.**-૨૫૫૦, **કચ્છી સં.** ૨૦૮૦, માગસર સુદ-૭ **પંચક** તા.૧૯ ડિસેમ્બર ૨૦૨૩, મંગળવાર, **પારસી તા.**૬, **મુસ્લિમ તા.**૫, પૂર્વાભાદ્રપ્રદા **નક્ષત્ર,** સિધ્ધિ **યોગ,** વિષ્ટી **કરણ, સૂ.ઉ.**૭:૨૮, **સૂ.અ.**૬:૦૯

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), સાંજે ૬:૨૧ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: રચનાત્મક કાર્યમાં સફળતા મળે. પ્રિયજનથી વિરહ રહે.
વૃષભ:લાભની તક મળે. નવિન કામગીરીમાં પ્રગતિ થાય.
મિથુન:વિશ્વાસે વહાણ ન ચલાવવું. જીવનસાથીનો સહકાર મળે.
કર્ક: પ્રવાસમાં હાનિ, કાર્યબોજ હળવો બને.
સિંહ: ભાઈ-બહેનનો સહકાર મળે. પ્રવાસ-પર્યટનનો આયોજન થાય.
કન્યા: કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નો ઉકેલાય.
તુલા: સંતાન સંબંધિ કાર્યમાં સફળતા મળે. મનની મુંઝવણ દૂર થાય.
વૃશ્ચિક:સ્નેહિથી મતભેદ થાય. જમીન-મકાનના પ્રશ્નો નિવારી શકશો.
ધન: ઉત્સાહમાં વધારો થાય. નવિન શુભ સમાચાર મળે.
મકર: ભાગીદારીથી આર્થિક લાભ. પડવા-વાગવાથી સંભાળવું.
કુંભ: ગૃહવિવાદ નિવારી શકશો. યશ, માન, કીર્તિમાં વધારો થાય.
મીન: માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર ન આવે.

# ૬૮મો રેલવે સપ્તાહ સમારોહ અતિ વિશિષ્ઠ રેલ સેવા પુરસ્કાર નવી દિલ્હીમાં યોજાયો




(પ્રતિનિધી દ્વારા)

નવી દિલ્હી તા.૧૯

નવી દિલ્હીમાં આયોજિત ૬૮મા રેલ સપ્તાહની ઉજવણીમાં પશ્ચિમ રેલવે ને વર્ષ ૨૦૨૩ માટે પાંચ શીલ્ડ અને સાત વ્યક્તિગત અતિ વિશિષ્ટ રેલ સેવા પુરસ્કારો પ્રાપ્ત થયા હતા.

પશ્ચિમ રેલવેને વેચાણ પ્રબંધન, રેલ સહાય ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ પ્રતિષ્ઠિત અતિ વિશિષ્ઠ રેલ સેવા પુરસ્કાર શિલ્ડ પ્રાપ્ત કર્યા. પશ્ચિમ રેલવેએ ટ્રાફિક ટ્રાન્સપોર્ટેશન શીલ્ડ (દક્ષિણ પૂર્વ મધ્ય રેલવે સાથે સંયુક્ત રીતે), લેવલ ક્રોસિંગ અને રોડ ઓવર/અંડર બ્રિજ સેફ્ટી વર્ક્સ શીલ્ડ (પૂર્વ મધ્ય રેલવે સાથે સંયુક્ત રીતે) અને સ્ટોર શીલ્ડ (મધ્ય રેલવે સાથે સંયુક્ત રીતે) પણ મેળવ્યા છે. આ પ્રતિષ્ઠિત શીલ્ડો પશ્ચિમ રેલવે ના મહાપ્રબંધક શ્રી અશોક કુમાર મિશ્ર દ્વારા રેલ સપ્તાહ પુરસ્કાર સમારોહમાં માનનીય રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ પાસેથી પ્રાપ્ત કરવામાં આવી હતી. તેવી જ રીતે, પશ્ચિમ રેલવેના સાત અધિકારીઓને વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન તેમની પ્રશંસનીય કામગીરી માટે આ પ્રસંગે વ્યક્તિગત "અતિ વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર" પ્રાપ્ત થયા. આ એવોર્ડ વિજેતાઓ છે (૧) શ્રી યોગેશ કુમાર - ડેપ્યુટી ચીફ એન્જિનિયર (૨) શ્રી અનંત કુમાર - ડેપ્યુટી ચીફ એન્જિનિયર (૩) ડૉ. જેનિયા ગુપ્તા - વરિષ્ઠ મંડળ પરિચાલન પ્રબંધક (૪) શ્રી પ્રિયાંશ અગ્રવાલ - ડિવિઝનલ એન્જિનિયર (૫) શ્રીમતી મેનકા ડી. પાંડિયન - વરિષ્ઠ અનુભાગ અધિકારી (૬) શ્રી બિનય કુમાર ઝા - સ્ટેશન અધિક્ષક (પરિચાલન) (૭) શ્રી સંજુ પાસી - વાણિજ્ય અધિક્ષક, જેમને માનનીય રેલ્વે મંત્રી તરફથી અતિ વિશિષ્ટ રેલ્વે સેવા પુરસ્કાર પ્રાપ્ત થયા હતા. પશ્ચિમ રેલવે ના મહાપ્રબંધક શ્રી અશોક કુમાર મિશ્ર પશ્ચિમ રેલવેના અધિકારીઓની પ્રશંસનીય કામગીરીની પ્રશંસા કરી હતી.

# અનકેપ્ડ ખેલાડીની સેલેરીમાં વધારો કરવાનો બીસીસીઆઈનો નિર્ણય

મુંબઈ, તા.૧૯

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ માટે ખેલાડીઓની હરાજીનું આયોજન આવતીકાલે દુબઈમાં થવાનું છે. આઈપીએલની તમામ ૧૦ ટીમોની સાથે ફેન્સ પણ આ મિની ઓક્શનની આતુરતાહતી રાહ જોઈ રહ્યા છે. આઈપીએલઓક્શન ૨૦૨૪ માટે ૩૩૩ ખેલાડીઓના નામ શોર્ટલીસ્ટ કરવામાં આવ્યા છે જેમાંથી ૨૧૪ ખેલાડીઓ ભારતીય છે. આઈપીએલના મિની ઓક્શન પહેલા બીસીસીઆઈએ એક મોટું પગલું લીધું છે. બીસીસીઆઈઅનકેપ્ડ ખેલાડીઓ માટે એક પ્રોત્સાહન યોજના શરુ કરવા જઈ રહ્યું છે. આ યોજનાનો હેતુ અનકેપ્ડ ભારતીય પ્લેયર્સની સેલેરીમાં વધારો કરવો છે. જે અનકેપ્ડ ભારતીય ખેલાડીને ભારતીય ક્રિકેટ ટીમમાં જગ્યા નથી મળતી તો તેને શરૂઆતના વર્ષમાં માત્ર મેચ ફીસ જ મળે છે. હવે અનકેપ્ડ ખેલાડીઓ ઈન્ટરનેશનલ ક્રિકેટ રમે છે તેમને આ ઈન્સેન્ટીવ પ્લાન મુજબ આઈપીએલની ટીમો તરફથી વધુ સેલેરી મળશે.

અત્યાર સુધી જે અનકેપ્ડ ખેલાડી આઈપીએલઓક્શનમાં જે કિંમતે ખરીદવામાં આવતો હતો તેણે ત્રણ વર્ષ સુધી એટલી જ સેલેરી મળતી હતી. પરંતુ હવે નવા નિયમો મુજબ આઈપીએલઓક્શનમાં અનકેપ્ડ ખેલાડી તરીકે ખરીદવામાં આવેલો ખેલાડી એક સિઝનથી બીજી સિઝન દરમિયાન જેટલી ઈન્ટરનેશનલ મેચ રમશે તેની સેલેરી ફ્રેન્ચાઈઝીને તે મુજબ વધારવી પડશે. દાખલા તરીકે જો કોઈ ખેલાડી ઓક્શનમાં ૫૦ લાખથી ઓછી કિંમતે વેચાયો છે અને પછી તે ઓછામાં ઓછી એક ઈન્ટરનેશનલ મેચ રમે છે તો ફ્રેન્ચાઈઝી તેની સેલેરી વધારીને ૫૦ લાખ કરશે. જો તે ખેલાડી પથી ૯ મેચ રમે છે તો ફ્રેન્ચાઈઝીને તેની સેલેરી ૭૫ લાખ રૂપિયા કરવી પડશે. જો ખેલાડી બે આઈપીએલસિઝન વચ્ચે ૧૦ ઈન્ટરનેશનલ મેચ રમે છે તો તેની સેલેરી ૧ કરોડ રૂપિયા કરવામાં આવશે. આઈપીએલ ૨૦૨૪ના ઓક્શન માટે ૩૩૩ ખેલાડીઓની લીસ્ટમાં ૧૧૬ અનકેપ્ડ, ૨૧૫ કેપ્ડ અને ૨ એસોસિએટ ખેલાડીઓને સામેલ કરવામાં આવ્યા છે. આ મિની ઓક્શનમાં કુલ ૧૧૯ વિદેશી ખેલાડીઓ ભાગ લેવાના છે.

# ગીર સોમનાથ જીલ્લામાં નમો કિસાન કબડ્ડી પ્રતિયોગીતા યોજાઈ, વિજેતાઓને વિવિધ પુરસ્કારો એનાયત




(જાદવ ભોળા દવારા)

લોઢવા તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નડ્ડાની દીર્ધદ્રષ્ટિથી ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર દેશમાં નમો કિસાન કબડ્ડી પ્રતિયોગીતાનું આયોજન થયેલ છે. જેના ભાગરૂપે ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ શ્રી પાટીલના માર્ગદર્શન નીચે તેમજ પ્રદેશ અધ્યક્ષ હિતેશભાઈ પટેલના નેતૃત્વ નીચે ગુજરાતભરમાં દરેક વિધાનસભામાં નમો કિસાન કબડીનું આયોજન થઈ રહ્યું છે. જે અંતર્ગત ગિરસોમનાથ જિલ્લાના અધ્યક્ષ મહેન્દ્રભાઈ પિઠીયા અને ધારાસભ્ય ભગવાનભાઈ બારડના માર્ગદર્શન નીચે ગીર સોમનાથ જિલ્લાની ચારે - ચાર વિધાનસભામાં નમો કિસાન કબડી સ્પર્ધા યોજાઈ ગયેલી. જેમાં દરેક વિધાનસભામાં વિજેતા ટીમ ગત તા.૧૬-૧૨-૨૩ શનિવારે સાંજના ૬:૦૦ કલાકે સોમનાથ જિલ્લાની જિલ્લા કક્ષાની નમો કિસાન કબડી પ્રતિયોગતાનું આયોજન ડી.એમ. બારડ કેળવણી સંકુલ ઘુસિયા, તાલુકો તાલાળા થયેલ હતું. જેમાં જિલ્લાના તાલાલાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, કોડીનારના ધારાસભ્ય પ્રદ્યુમનભાઈ વાજા, જિલ્લા પંચાયતના પ્રમુખ મંજુલાબેન મૂછાર, જિલ્લાના મહામંત્રી દિલીપભાઈ બારડ, કિસાન મોર્ચાના પ્રદેશ પ્રભારી વિનુભાઈ, જિલ્લાના પૂર્વ પ્રમુખ માનસિંગભાઈ પરમાર, કથીરિયા બાંધકામ સમિતિના ચેરમેન બાબુભાઈ પરમાર, આરોગ્ય સમિતિના ચેરમેન પ્રકાશભાઈ ટાંક, તાલાળા મંડળના પ્રમુખ વિમલભાઈ વડોદરિયા, વેરાવળ મંડળના પ્રમુખ હરદાસભાઈ સોલંકી, મનહરભાઈ મોરી, સામતભાઈ ચારણીયા, ભરતભાઈ મોરી, નાથાભાઈ વાજા, રાજસિંહ ભાઈ રાઠોડ, નારણભાઈ ઝાલા ગોવિંદભાઈ બારડ, ઝીણાભાઈ બાકુ તેમજ કિસાન મોર્ચાના મંડળના પ્રમુખ દેવાતભાઈ ઝાલા, પરેશભાઈ પટોડીયા, હરેશભાઈ તેજાણી, શૈલેષભાઈ ડાંગોદરા, ધીરૂભાઈ ગાવડીયા તેમજ જિલ્લાભરમાંથી આગેવાનો અને કિસાનો ઉપસ્થિત રહી આ કાર્યક્રમને ખુબ જ સફળ બનાવેલ છે.

નમો કિસાન કબડી પ્રતિયોગિતામાં ઉના ધારાસભાની સુભાષચંદ્ર બોઝ ટીમ, કોડીનાર ધારાસભાની વીર સાવરકર ટીમ, તાલાળા ધારાસભાની મહારાણા પ્રતાપ ટીમ, વેરાવળ ધારાસભાની ચંદ્રશેખર આઝાદ ટીમ, આ ચાર ટીમોએ ભાગ લીધેલો હતો. જેમાં તાલાળા વિધાનસભાની મહારાણા પ્રતાપ ટીમ જિલ્લામાં પ્રથમ સ્થાને વિજેતા થયેલ છે. બીજો ક્રમાંક કોડીનારની વીર સાવરકર ટીમ આવેલ છે ત્રીજા સ્થાને ઉના વિધાનસભાની સુભાષચંદ્ર બોઝ ટીમ આવેલી છે તેમજ વેરાવળ વિધાનસભાની ચંદ્રશેખર આઝાદ ટીમ આવેલી છે.

મહારાણા પ્રતાપ વિજેતા ટીમને રૂપિયા ૧૧,૦૦૦ નો પુરસ્કાર દાસભાઈ, સરપંચ શ્રી આકોલવાડી તરફથી આપેલ છે. વીર સાવરકર ટીમ બીજા ક્રમે આવે છે જેને રૂપિયા ૫૧૦૦ ભગવાનભાઈ બારડ, ધારાસભ્ય તાલાળા તરફથી આપેલ છે. સુભાષચંદ્ર બોઝ ઉનાની ટીમને રૂપિયા ૨૧૦૦ નો પુરસ્કાર ભગવાનભાઈ બારડ તરફથી આપેલ છે. ચંદ્રશેખર આઝાદ ટીમ વેરાવળને રૂપિયા ૨૧૦૦ નો પુરસ્કાર ભગવાનભાઈ બારડ તરફથી આપેલ છે.

આ ચારેય વિજેતા ટીમને ટ્રોફી પણ ભગવાનભાઈ બારડ, ધારાસભ્ય તાલાળા તરફથી આપવામાં આવેલ છે. તેમજ ચારે ચાર ટીમના દરેક ખેલાડીને પેન્ટ-ટીશર્ટ આપવામાં આવેલ છે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ધારાસભ્ય ભગવાનભાઈ બારડ અને ડી.એમ. બારડ કેળવણી સંકુલના નિયામક શૈલેષભાઈ બારડ દ્વારા પધારેલ મહેમાનો તેમજ ભાગ લીધેલ ખેલાડીઓને સુંદર ભોજનની વ્યવસ્થા કરેલી હતી. આ સમગ્ર નમો કિસાન કબડી સ્પર્ધાનું આયોજન જિલ્લા પ્રમુખ કિસાન મોર્ચો ગીર સોમનાથ ધીરૂભાઈ ખોખર જિલ્લામાં મંત્રી પ્રતાપભાઈ બારડ, જિલ્લા મહામંત્રી ભરતભાઈ મોરાસીયા દ્વારા થયેલું. જેમાં જિલ્લા અધ્યક્ષ ગીર સોમનાથ મહેન્દ્રભાઈ તથા જિલ્લા ટીમે માર્ગદર્શન અને સહકાર આપી આ કાર્યક્રમને દિપાવેલ છે. ખાસ કરીને ડી.એમ. બારડ કેળવણી સંકુલનો હૃદયથી આભાર માને છે.

### રક્તદાતાઓને પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા

# જૂનાગઢમાં હિરાબાની જન્મજયંતીએ રક્તદાન કેમ્પ યોજાયો, ૨૮ બોટલ લોહી એકત્ર કરાયું

**હિરાદીપ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજન : સિવિલ હોસ્પિટલના થેલેસેમિયાગ્રસ્ત બાળકોને લોહી અર્પણ કરાયું**

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢમાં વિવિધ સેવાકીય કાર્યો સાથે સંકળાયેલા હિરાદીપ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા હિરાબાની જન્મજયંતી નિમિત્તે રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં કુલ ૨૮ બોટલ લોહી એકત્ર થયું હતું. આ રક્ત સિવિલ હોસ્પિટલમાં થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે અર્પણ કરાયું હતું.

જૂનાગઢ અને રાજકોટમાં હિરાદીપ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વિવિધ સેવાકીય કાર્યો કરવામાં આવે છે. જેમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સહાય, બુક અને સ્ટેશનરી વિતરણ, ગરબી મંડળમાં લ્હાણી, દવાખાનાઓમાં દર્દીઓને વિનામુલ્યે ટિફીન, લગ્ન પ્રસંગે દિકરીઓને પાનેતર અને વસ્ત્રો, નાના બાળકોને ફ્રી શિક્ષણ સહિતની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. સંસ્થાનું નામ જેના પર છે તેવા હિરાબાની જન્મજયંતી નિમિત્તે ૧૫ ડિસેમ્બરનાં રોજ દરવર્ષે અલગ-અલગ કાર્યક્રમો રાખવામાં આવે છે. આ વખતે જૂનાગઢનાં આઝાદ ચોક સ્થિત રેડક્રોસ હોલમાં રક્તદાન કેમ્પ રાખવામાં આવ્યો હતો. જેમાં ૨૮ બોટલ લોહી એકત્ર કરાયું હતું. આ પ્રસંગે પૂર્વ કેબિનેટ મંત્રી જવાહરભાઈ ચાવડા, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રભાઈ મશરૂ વગેરેએ હાજર રહીને આ કાર્યને બિરદાવ્યું હતું. સંસ્થાના પ્રમુખ શિતલબેન જોષીના જણાવ્યા અનુસાર રક્તદાતાઓને ટ્રસ્ટ દ્વારા પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. જ્યારે આસ્થા હોસ્પિટલના ડો. ચિંતન યાદવ દ્વારા રક્તદાતાઓને ૬૦૦રૂપિયાનું બ્લડ ચેકઅપનું વાઉચર આપવામાં આવ્યું હતું. વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા હિરાદીપ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટની સેવાકિય પ્રવૃત્તિને આવકારવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન સમુહલગ્ન પ્રણેતા અને સમાજસેવક હરસુખભાઈ વઘાસિયા દ્વારા કરાયું હતું. આયોજનને સફળ બનાવવા ટ્રસ્ટની ટીમે જહેમત ઉઠાવી હતી.

### શિયાળાની કડકડતી ઠંડીમાં ઉષ્મા આપતું શાક

# સમ્રાટ ઓળાના રીંગણાનાં શાકનું બજારમાં આગમન

**કાંટાવાળા ડીટીયાના સાગ-સીસમની જેમ ચમકતા ગોળમટોળ રીંગણા સોમનાથ પંથકની વિશેષતા છે**



વેરાવળ તા. ૧૯

શિયાળો એટલે લીલા શાકભાજી આરોગી સ્વાદ અને સ્વાસ્થ્ય જાળવવાની મોસમ. સોમનાથ-પ્રભાસ પાટણમાં શાક બજારમાં અસલ કાઠીયાવાડી ઓળાના રીંગણા દેખાતા થયા છે અને જેનો હાલ ભાવ રૂા.૫૦ થી ૬૦ નો કિલોનો છે. પરંતુ જેમ જેમ દિવસો આગળ જશે તેમ ઠંડીનો પારો વધશે પરંતુ ભાવનો પારો ઘટશે. ઓળાના રીંગણા તો ગામે ગામ થતાં હોય છે પરંતુ અહીં ડીટીયામાં કાંટા સાથેના રીંગણાની મીઠાશ, સ્વાદ, ગુણ સ્વાદ રસીકો ખાધાનો ઓડકાર અને સંતોષ અનુભવે છે.

મોસમના રીંગણા કાળા ડીબાંગ સીસમ જેવા લીસા અને ચમકતા રીંગણાને હવે તો ગેસ ઉપર સેકાય છે પરંતુ હાઈવેના કેટલાક ધાબા કે ખેતરોમાં લોખંડના બકડીયામાં કે બે ત્રણ પણાનો મંગાળો કરી એ રીંગણાને સેકાય છે.

સેકેલા રીંગણાની ફોતરીઓ કાઢી તેના માવાને ઠામમાં તેલનો વઘાર કરી હળદર, મીઠું, મરચું, ડુંગળી, લીલું લસણ, મરચુ સપ્રમાણ ગરમ તાપે લસલસતા તેલમાં બનાવી ઓળો બનાવાય છે. આગામી નાતાલ વેકેશન ઉપરાંત ડીસેમ્બરની પડતર રજાઓ ભોગવી પર્યટને નીકળેલા લોકો આવા દેશી ધાબા ગોતતા હોય છે. ઘરે ઓળો બનાવી તેની ઉપર લીલીછમ કોથમીર છાંટી, ફુલેલા દડા જેવા રોટલાના પડ ઉખેડી તેના ઉપર શુધ્ધ ઘી ની ધારા દડદડતી હોય અને થાળીમાં સાથે માખણને ચોપડીને બાજુમાં દેશી ગોળનો દડબો-લાલ, લીલા કે રાયવાળા મરચા કે લસણની ચટણી આ બધાય કોરસ ભળે એટલે ભડથાનો વટ પડી જાય. આ ઓળા એટલે કે ભડથાને વોટ્સએપ લેખકે લખ્યું હતું કે, ‘હેમાળાની ટાઢી બોળ વાતો હોય, કડકડતી ટાઢમાં ભુખ ભમરાતી હોય એવામાં વાળુ ટાણે, કાઠીયાવાડી દેશી બાજરો જે ઘંટલે દાળ્યો હોય અને લાકડાની કથરોટમાં સાત પાણીએ લોટ મહળ્યો હોય અને ત્રણ પણાનો મંગાળો કરી અડાયા છાણાના ધીમા તાપે રોટલો ચડાવ્યો હોય અને ફુલેલા દડા જેવા રોટલા ઉપર જાફરાબાદી ભેંસના માખણ પીંડો લહરતો જાતો હોય અને તેની સાથે રીંગણાને ભઠ્ઠીમાં સેકી, માંડવીના તેલમાં વઘારેલો ઓળો હોય અને માથે કોથમીરના પાંદડા વેરેલા હોય અને થાળીમાં રાબડાનો દેશી ગોળ તેમાં ખાડો કરી તે ખાડાને દેશી શુધ્ધ ઘી થી તરબોળ કરી દીધું હોય અને સાથે ગોળ પતીકા જેવા ડુંગળીના પતીકાઓ પડયા હોય પછી તો પુછવું જ શું?

પ્રભાસના ગ્રામ્ય પંથકમાં થતા કાંટાવાળા ડીટીયા સાથેના રીંગણાને જો યોગ્ય માર્ગદર્શન અપાય તો અને તે અપનાવાય તો ભવિષ્યમાં જીઆઈ ટેગ પણ મેળવી શકે.

# આઝાદ એન્જિનીયરીંગ લિમીટેડનો આઈપીઓ ૨૦ ડીસેમ્બર, ૨૦૨૩ ના રોજ ખુલશે

અમદાવાદ, ૧૯

આઝાદ એન્જિનિયરિંગ લિમિટેડે (‘‘કંપની’’) બુધવાર, ૨૦ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ તેની ઈક્વિટી શેર્સના આઈપીઓ (‘‘ઓફર’’) ખોલવાનો પ્રસ્તાવ મૂક્યો છે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફરનો સમયગાળો બિડ/ઓફર ખોલવાની તારીખના એક દિવસ પહેલા છે એટલે કે મંગળવાર, ડિસેમ્બર ૧૯, ૨૦૨૩. બિડ/ઓફરની અંતિમ તારીખ શુક્રવાર, ૨૨ ડિસેમ્બરના રોજ હશે.

ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂ. ૪૯૯ પ્રતિ ઈક્વિટી શેરથી રૂ. ૫૨૪ પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરવામાં આવ્યો છે. બિડ ઓછામાં ઓછા ૨૮ ઈક્વિટી શેર અને ત્યાર બાદ ૨૮ ઈક્વિટી શેરના ગુણાંક માટે કરી શકાય છે.

આ ઓફરમાં રૂા. ૨,૪૦૦.૦૦ મિલિયન (‘‘ફ્રેશ ઈશ્યૂ’’) સુધીના તેના જેટલા ઈક્વિટી શેરના નવા ઈશ્યૂનો અને રૂા.૫,૦૦૦.૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરના વેચાણની ઓફરનો સમાવેશ થાય છે જેમાં રાકેશ ચોપદાર દ્વારા રૂા.૨,૦૪૯.૬૫ મિલિયન સુધીના, પિરામલ સ્ટ્રક્ચર્ડ ક્રેડિટ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ દ્વારા રૂા. ૨,૬૦૮.૫૧ મિલિયન સુધીના અને ડીએમઆઈ ફાઈનાન્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂા. ૩૪૧.૮૪ મિલિયન સુધી (સામૂહિક રીતે, ‘‘સેલિંગ શેરહોલ્ડર’’) (આ ઈક્વિટી વેચાણકર્તા શેરધારકો દ્વારા ઓફર કરવામાં આવેછે, ‘‘ઓફર કરેલ શેર્સ’’)નો સમાવેશ થાય છે.

રેડ હેરીંગ પ્રોસ્પેકટસ દ્વારા ઓફર કરવામાં આવતા ઈક્વિટી શેરને બીએસઈ લિમીટેડ અને નેશનલ સ્ટોક એકસચેન્જ ઓફ ઈન્ડિયા લિમીટેડ બંને પર લિસ્ટીંગ કરવાની દરખાસ્ત છે. એક્સિસ કેપિટલ લિમીટેડ, આઈસીઆઈસીઆઈ સિકયોરીટીઝ લિમીટેડ, એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમીટેડ અને આનંદ રાઠી એડવાઈઝર્સ લિમીટેડ ઈશ્યુના બુક રનીંગ લીડ મેનેજર છે. આ પ્રેસ રિલીઝમાં ઉલ્લેખિત તમામ કેપિટલાઈઝ્ડ શબ્દો કે જે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા નથી તેનો સમાન અર્થ આરએચપીમાં સુચવ્યા મુજબનો રહેશે.

# નાથળીયા ઉનેવાળ બ્રહ્મ સમાજની વાડી ખાતે સરસ્વતી સન્માન સમારોહ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

નાથળીયા ઉનેવાળ બ્રહ્મસમાજની વાડી જૂનાગઢ ખાતે સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમસ્ત બ્રહ્મસમાજ જૂનાગઢ જિલ્લાના યજમાનપદે યોજાનાર આ કાર્યક્રમનું ઉદઘાટન ગોંડલ ભુવનેશ્વરી પીઠના પૂ.ધનરશ્યામજી મહારાજ કર્યું હતું અને પ્રમુખ સ્થાને ડો. અનિલભાઈ પી. મહેતા, સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મસમાજ ટ્રસ્ટ તેમજ મુખ્ય વકતા તરીકે શિક્ષણવિદ ગિજુભાઈ ભરાડ વકતવ્ય આપ્યુ હતું. તેમજ મુખ્ય મહેમાન તરીકે વિજયભાઈ બુજડ, દિવ્યાપ્રકાશભાઈ ઠાકર, શિક્ષણવિદ કે.ડી. પંડયા તેમજ જૂનાગઢ શહેર ભાજપના પ્રમુખ પુનિતશર્મા સહિત બ્રહ્મસમાજના આગેવાનો ઉપસ્થિત રહી તેજસ્વી છાત્રોને બિરદાવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા જૂનાગઢ જીલ્લા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ પ્રફુલભાઈ ત્રિવેદી, જીલ્લા યુવા પાંખના પ્રમુખ રવિભાઈ ઠાકર, શહેર પ્રમુખ મેહુલ દવે, મેને ટ્રસ્ટી ડી.જી. મહેતા, શૈલેષભાઈ, મયુર પુરોહિત અને સમગ્ર ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. કાર્યક્રમ પૂર્ણ થયે ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભુદેવ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

### આગામી ૨૩ અને ૨૪ ડિસેમ્બરના

# યાત્રાધામ દ્વારકામાં અખિલ ભારતીય આહિરાણી મહારાસ માટે ચાલતી તડામાર તૈયારી

**અખિલ ભારતીય આહિરાણી સંગઠન દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજી કાર્યક્રમની વિગતો અપાઈ**

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૧૯

ગુજરાતભરમાંથી અંદાજે ૩૭ હજાર થી વધુ આહિર બહેનો પોતાના પારંપરિક ડ્રેસ પહેરી કાળિયા ઠાકોરની રાજધાની દ્વારકામાં કૃષ્ણ ભક્તિમાં લીન બની રાસ ગરબાનું આયોજન કર્યું છે.

આયોજન દરમિયાન અંદાજે ગુજરાત અને વિશ્વમાંથી અંદાજે ૧.૫ લાખ થી વધુ આહીર સમાજના લોકો મળશે ભગવાન દ્વારકાધીશના દર્શન કરી શહેર ના મુખ્ય માર્ગો માં સફાઈ અને ભક્તિ ભાવ સાથે આધુનિકરણ આ વેપાર ઉદ્યોગના એક્સપો અને સામાજિક સંગઠન અને એકતા ના દર્શન કરાવતા આ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું કલ્યાણપુર તાલુકાના ભાટવડીયા ગામે કરાયું સ્વાગત



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૯

કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભ ગામે ગામ સુધી પહોંચે તેવા આશયથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ ભ્રમણ કરી રહ્યો છે. ત્યારે કલ્યાણપુર તાલુકાના ભાટવડીયા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવતા ગ્રામજનો દ્વારા રથનું ભવ્ય સ્વાગત કરી વિકસિત ભારતની સામૂહિક પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ શાખાઓના અધિકારીઓ દ્વારા કેન્દ્ર અને રાજય સરકારની પોષણ અભિયાન, પી.એમ કિસાન સન્માન નિધી, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, વિશ્વકર્મા યોજના, આયુષ્યમાન કાર્ડ,જલ જીવન મિશન યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક ખેતી, આઈ.સી.ડી. એસ વિભાગ, પશુપાલન માટેની વિવિધ વિભાગોની યોજનાઓ વિષે વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવી હતી. આ અવસરે જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ. ડી. ધાનાણી તેમજ ઉપસ્થિત મહાનુભવોના હસ્તે સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ મેરી કહાની, મેરી જુબાની હેઠળ લાભાર્થીઓએ પોતાના અનુભવો જણાવ્યા હતા. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી શ્રી ગૌરવભાઈ પરમાર, અગ્રણીશ્રી દેવાયતભાઈ ગોજીયા, કેતનભાઈ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# વિકસીત ભારત સંકલ્પ યાત્રાનું બોસન ગામમાં ભવ્ય સ્વાગત કરાયું

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૧૯




વિકસીત ભારત સંકલ્પ રથયાત્રાનું બોસન ગામમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું અને વિવિધ સરકારી યોજનાઓનો લાભ આપવામાં આવેલ તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓથી માહિતગાર કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમને સરકારી વહીવટી તંત્ર અનેબોસન ગ્રામ પંચાયત, બોસન પ્રાથમિક શાળા, તલાટી કમ મંત્રી, આંગણવાડી, આશાવર્કર, આરોગ્ય કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી. એકંદરે કાર્યક્રમ સફળ રહયો હતો અને સુત્રાપાડા તાલુકામાં વિકસીત ભારત સંકલ્પ રથયાત્રાનું સમાપણ પણ થયેલ હતું.

### ઝાંઝરડા રોડ ઉપર ગટરના ઢાંકણાએ સર્જેલી કરૂણાંતીકાના બનાવના પગલે મનપા સામે લોકોમાં રોષ

# જૂનાગઢની જનતા રામ ભરોસે : શહેરીજનોની સલામતી ઉપર ખતરો

## આજે મહાનગરપાલિકાના જનરલ બોર્ડની મહત્વની બેઠકમાં ગટરના ઢાંકણા સહિતના અનેક મુદ્દે તડાપીટ બોલશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ મહાનગરપાલિકાનું તંત્ર દિવસે-દિવસે બેજવાબદારી ભર્યું અને રેઢીયાળ તંત્ર બની રહ્યું છે અને પ્રજાના જાનમાલની જેઓને કોઈ પડી નથી તેવા તંત્રવાહકો ફકતને ફકત ફોટો સેશન્સમાંથી નવારા થતા નથી અને તેઓની લાપરવાહી અને બેદરકારીના કારણે પ્રજાના કોઈ કામ થતા નથી અને તેવા સંજોગોમાં લોકો હવે છડેચોકે બોલી રહ્યા છે કે જૂનાગઢની જનતા હવે રામ ભરોસે છે. પ્રાથમિક સુવિધાના પ્રશ્ને તો અનેક ફરિયાદો રહેલી છે તો બીજી તરફ જૂનાગઢ શહેરમાં આડેધડ રસ્તાના કામો અને આવી કામગીરીમાં રસ્તાના લેવલનું બરાબર ધ્યાન ન રાખી અને જયાં ત્યાં ગટરના ઢાંકણા ધરબી દેવામાં આવેલ છે. આવા ગટરના ઢાંકણા ખુલ્લા હોવાના કારણે અવાર-નવાર ગંભીર અકસ્માતો બની રહ્યા છે. બે દિવસ પહેલાની ઘટનામાં ઝાંઝરડા રોડ ઉપર ઉંચા લેવલના ગટરના ઢાંકણાને કારણે એક આશાસ્પદ યુવાનનું મૃત્યું થયું છે અને તેના જોરદાર પડઘા છેક ગાંધીનગર સુધી ઉઠવા પામ્યા છે. ગઈકાલે ગટરના ઢાંકણાના પ્રશ્ને રોષે ભરાયેલા ઝાંઝરડા રોડના રહેવાશીઓએ ચક્કાજામનું અલ્ટીમેટમ આપ્યું હતું અને ગઈકાલના સાંજના મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા. જોકે પોલીસની સમજાવટના કારણે મામલો થાળે તો પડયો હતો પરંતુ લોકોએ દ્રઢ નિર્ણય કરી જણાવ્યું હતું કે જયાં સુધી ગટરના ઢાંકણાની કામગીરી મનપા તંત્ર પુર્ણ નહી કરે ત્યાં સુધી અમે અહીંથી હટવાના નથી ત્યારબાદ મનપા તંત્રના અધિકારીએ લોકોને જણાવ્યું હતું કે, આજને આજ આ કામગીરી પુર્ણ કરી દેવામાં આવશે ત્યારબાદ હાલ પુરતો મામલો થાળે પડયો છે. જૂનાગઢ શહેરના અનેક વિસ્તારો એવા છે કે રસ્તાની હાલત ખુબ જ ખરાબ છે. રોડ બને છે તો થોડા સમયમાં તુટી પણ જાય છે અને આડેધડ ખોદકામને કારણે આ કામગીરીપુર્ણ થયા બાદ યોગ્ય રીતે રિપેરીંગ કામ થતું ન હોવાને કારણે પણ લોકોને સહન કરવાનો વારો આવે છે. અવાર-નવાર માર્ગ અકસ્માતનો સિલસીલો ચાલું જ રહ્યો છે અને નિર્દોષ લોકોને આવા અકસ્માતનો ભોગ બનવું પડે છે તે ખુબ જ દુઃખદ છે. વિશેષમાં ઝાંઝરડા રોડ ઢાંકણાએ સર્જેલી દુર્ઘટના સામે જોકે મનપાએ નોટિસ પાઠવી છે તેમજ જે કોઈ જવાબદારો હશે તેની સામે કાર્યવાહી કરવાની જાહેરાત કરી છે.

પરંતુ આ કામગીરી આટલાથી અટકતી નથી. જનતા જનારધનને તો નક્કર કાર્યવાહી જોઈએ છે અને આગામી દિવસોમાં જૂનાગઢ શહેરમાં જયાં પણ રસ્તા ઉપરના ખાડા, ગટરના ઢાંકણા વિગેરેને જો બુરવામાં નહી આવે તો દરેક વિસ્તારના લોકો રસ્તા ઉપર ઉતરી આવે તે દિવસો હવે દુર નથી તેવું લોકો છડેચોક બોલી રહ્યા છે. તે દરમ્યાન આજે જૂનાગઢ મહાનગરપાલિકાના જનરલ બોર્ડની એક મહત્વની બેઠક મળી રહી છે અને આ બેઠકમાં ગટરના ઢાંકણાએ સર્જેલી કરૂણાતીકાનો મુદ્દો તો રહેશે આ ઉપરાંત અન્ય પ્રશ્નોએ પણ વિપક્ષ દ્વારા ભારે તડાપીટ બોલાવવામાં આવે તેવા નિર્દેશો મળી રહ્યા છે.

## પુષ્ટિસંસ્કારધામ શિલાન્યાસ સપ્તદિવસીય ભવ્ય મહોત્સવ પ્રસંગે અદભુત પ્રદર્શન અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા









(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

વડાલ પાસે કાથરોટા રોડ ઉપર ઉભી થયેલ એક નાનકડી 'દુનિયા'ને નિહાળવા જેમ જેમ લોકો આવતા જાય છે, તેમ તેમ કર્ણોપકર્ણ પ્રચારથી દિવસેને દિવસે વધુ અને વધુ મુલાકાતીઓનો ધસારો વધતો જાય છે. ગોસ્વામી શ્રી પીયૂષબાવાશ્રીના વિજનથી ભવિષ્યની ઝાંખી દર્શાવતા અનેક પ્રદર્શનો આ પુષ્ટિસંસ્કાર ધામનિર્માણ સ્થળે પ્રદર્શિત કરવામાં આવ્યા છે. Ai - એઆઈ એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સી આધારિત શ્રી ભગવત ગીતાજીમાંથી કોઈપણ પ્રશ્નનો ઉત્તર આપતું એપ લોકચાહના પામી રહ્યું છે, તો વળી ગાય આધારિત ઓર્ગેનિક ખેતી કઈ રીતે અમલમાં મૂકી શકાય તેનું વાસ્તવિક નિદર્શન પણ અહીં અપાય છે. બીજી તરફ ગિર નસલની ગાયો અને નંદીની વૈજ્ઞાનિક ઢબે ઉછેર સંબંધી બાબતો લાઈવ પ્રદર્શનનો ગ્રામ્યજનોમાંથી સુંદર પ્રતિભાવ મળી રહ્યો છે. આ સાંસ્કૃતિક કાર્યક્રમનું સ્વાગત પ્રવચન અને ગીત પુષ્ટિસંસ્કાર સ્કૂલના વિદ્યાર્થીઓએ અત્યંત આત્મવિશ્વાસ સાથે કર્યું. ત્યારબાદ નાના ભૂલકાઓએ 'દેખો સૂર્ય ઉદય હુઆ..' એ દરેક વયક્તિઓનું હૃદય જીતી લીધેલ. તો કીર્તન ગાયન, ગીતાજીના અધ્યાય ૧૨ ભક્તિ યોગના શ્લોકનું પઠન, ગીરીરાજધાર્યાષ્ટકમના પઠનમાં સનાતનધર્મની સંસ્કૃતિ ભારોભાર છલકતી હતી. કોઈપણ પેઢી માટે દેશ પ્રેમ અને સંસ્કૃતિ મહત્વની બાબત હોય તેને ઉજાગર કરતું 'જયતું જયતું ભારત' ગીત અને યોગ એન્થમ ડાન્સમાં ભારત નૃત્યમાં ભારતની ધરોહરને સન્માન અપાયેલ. અંતમાં ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના બાળકો દ્વારા સરલ ભાષા સંસ્કૃતમ નૃત્ય નાટિકા પ્રસ્તુત કરી ત્યારે ઉપસ્થિત માતા-પિતાઓ પણ પોતાના બાળકોને સંસ્કૃત શીખવા પ્રેરિત થયેલ. તા. ૨૦ ડિસેમ્બર સુધી ચાલનારા આ કાર્યક્રમને માણવા માટે હવે જૂજ કલાકો જ બાકી છે તો મહત્તમ લાભ ઉઠાવવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

## માણાવદર વિસ્તારમાંથી દેશી હાથ બનાવટની જામગરી બંદુક સાથે એક ઝડપાયો



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાનાં માર્ગદર્શન હેઠળ જીલ્લામાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃતિઓ ઉપર અંકુશ લાવવા અને ગેરકાયદેસર હથિયારો શોધી કાઢવા તેમજ શરીર સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા સુચના કરેલ હોય. જે અન્વયે એસ.ઓ.જી. જૂનાગઢના પોલીસ ઈન્સ. એ.એમ.ગોહિલ તથા પો.સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હોય. દરમ્યાન એસ.ઓ.જી ના એ.એસ.આઈ. જીતેન્દ્રસીંહ અભેસિંહ ચૌહાણને ખાનગીરાહે ચોક્કસ બાતમી હકીકત મળેલ કે, ''રસુલ મામદ સોઢા ગામેતી, રહે. કેશોદ, મામલતદાર ઓફીસ પાછળવાળો ગે.કા. જામગરી બંદુક સાથે માણાવદર તાલુકાના ઉંટડી ગામની સીમમાં આવેલ ડેમ વિસ્તારમાં ફરે છે'' તેમની પાસે હથીયાર હોવાની ચોક્કસ બાતમી મળેલ જે ચોક્કસ બાતમી આધારે ડેમ પાસેથી ઉપરોક્ત ઈસમને પકડી અંગઝડતીમાંથી દેશી હાથ બનાવટની જામગરી બંદુક નંગ-૦૧ મળી આવતા માણાવદર પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો દાખલ કરાયો છે. આ કામગીરીમાં એસ.ઓ.જી.ના પો.ઈન્સ. એ.એમ. ગોહિલ તથા એ.એસ.આઈ જીતેન્દ્રસિંહ ચૌહાણ, રવિરાજસિંહ સોલંકી તથા પો.હેડકોન્સ પ્રતાપભાઈ શેખવા વિગેરે સ્ટાફ આ કામગીરીમાં જોડાયેલ હતો.

## જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ પદનો તાજ કોના શીરે ? ભાજપનાં વધુ એકજુથનાં દિલ્હીમાં આંટાફેરા

જૂનાગઢ તા. ૧૯

શિયાળાની ફુલગુલાબી ઠંડી અને સુસવાટા મારતા પવનનાં લીધે ઠંડીનું વાતાવરણ સર્જાયું છે તો બીજી તરફ ભારતીય જનતા પાર્ટીમાં શહેર ભાજપનાં આગામી પ્રમુખ કોણ તેને લઈને ભારે ગરમી વ્યાપી ગઈ છે. શહેર ભાજપનાં પ્રમુખ પદનો તાજ ધારણ કરવા માટે ગાંધીનગર અને દિલ્હીનાં આંટાફેરા વધી ગયા હોવાનું આધારભુત રીતે જાણવા મળે છે. જૂનાગઢ શહેર ભાજપનાં પ્રમુખ પુનીતભાઈ શર્માની ટર્મ પુરી થઈ છે અને હવે કમુરતા બાદ શહેર ભાજપનાં માળખામાં ધરખમ ફેરફારો આવી રહયા છે ત્યારે આગામી ટર્મ માટે પ્રમુખ પદનો તાજ કોના શીરે જશે ? તે અંગે જોરદાર ચર્ચા અને અટકળો થઈ રહી છે. અત્યંત વગદાર આધારભુત સુત્રોમાં ચર્ચાતી વિગત અનુસાર ભાજપનાં બે થી ત્રણ જુથો પ્રમુખ પદનાં માટે સક્રીય થઈ ગયા છે અને ગાંધીનગર અને દિલ્હી સુધીની સફર પણ ખેડી આવ્યા છે. આ સુત્રોનાં જણાવ્યા મુજબ ભાજપનું એક અન્ય જુથ પણ આજે દિલ્હીમાં પોતાનાં વગદાર નેતાને મળી પોતાનાં જુથનાં કાર્યકર માટે પ્રમુખ પદની ભલામણ કરવામાં લાગી ગયું છે. શહેર ભાજપ પ્રમુખનાં પદનાં દાવેદારોની જાણે હોડ લાગી ગઈ હોય તેવું હાલ લાગી રહયું છે.

## જૂનાગઢમાં આગાખાન હોસ્ટેલ પાસે છકડો રીક્ષાને ટક્કર મારી કાર થાંભલા સાથે અથડાઈ : બેને ઈજા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢમાં અકસ્માતોના બનાવો હવે રોજીંદા બની રહ્યા છે. આડેધડ રસ્તાઓ ઉપર બેફામ રીતે વાહન ચલાવતા અવાર-નવાર અકસ્માતો સર્જાય છે. આ ઉપરાંત પીધેલી હાલતમાં વાહન ચલાવી અને અકસ્માતને નોતરૂ દેતા બનાવો સતત વધી રહ્યા છે. ત્યારે ગઈકાલે વધુ એક અકસ્માતનો બનાવ બન્યો છે. જે અંગેની પ્રાપ્ત થતી વિગત અનુસાર, જૂનાગઢ શહેરમાં ગઈકાલે રાત્રીના આગાખાન હોસ્ટેલ પાસે અકસ્માત સર્જાયો હતો. જેમાં બંને વાહન ચાલકને ઈજા થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. શહેરના ગાંધીગ્રામમાં રહેતા મુળુભાઈ ગોગનભાઈ ચાવડા(ઉ.વ.૫૦) રાત્રે ૯ વાગ્યાની આસપાસ તેમની જીજે-૧૧-યુ-૪૯૨૯ નંબર છકડો રિક્ષામાં સાઉન્ડનો સામાન ભરીને દુબળી પ્લોટ ખાતે પહોંચાડવા જતા હતા ત્યારે બીલખા રોડ તરફથી આગાખાન હોસ્ટેલ પાસે પહોંચતા સરદાર ચોક તરફથી પુરઝડપે આવી રહેલી જીજે-૦૩-એમઈ-૫૧૧૨ નંબરની કારના ચાલક અમિત સીતાપરાએ છકડો રીક્ષાને જોરદાર ઠોકર મારતા કાર પડીકુ વળી ગઈ હતી. આ અકસ્માતમાં બંને વાહનના ચાલકને ઈજા થતા ૧૦૮ મારફત સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતની જાણ થતા પોલીસે દોડી જઈને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.


ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

**નક્ષત્ર – જ્યોતિષ**

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator


MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.






AZAD ENGINEERING LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, website of the Company at www.azad.in and the websites of the BRLMs i.e. Axis Capital Limited, ICICI Securities Limited, SBI Capital Markets Limited and Anand Rathi Advisors Limited at www.axiscapital.co.in, www.icicisecurities.com, www.sbicaps.com and www.anandrathiib.com, respectively. Bidders should note that an investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section entitled "Risk Factors" on page 28 of the RHP. Potential Bidders should not rely on the DRHP filed with SEBI for making any investment decision. Potential investors should not rely on the DRHP. Investors should instead rely on the information disclosed in the RHP.

This announcement has been prepared for publication in India and may not be released in the United States. The Equity Shares have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended ("Securities Act") or any state securities laws in the United States, and unless so registered, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act and applicable U. S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in offshore transactions in reliance on Regulation S and the applicable laws of each jurisdictions where such offers and sales are made.

Adfactors 481B